દેવું

અને

નાણાંનો ખરો ઉપયોગ

ેવું

અને

ન ણાનો વરો ઉપયોગ.

ઈંગ્રેજી ગ્રંથોના આધાર ઉપરથી

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

રેવાશંકર અંબારામ ભટ્ટ.

ભાઉની પોળ—અમદાવાદ.

આવૃત્તિ છટ્ઠી. પ્રત ૧૦૦૦.

ઇ. સ. ૧૯૧૫ સંવત ૧૯૭૧

શ્રી "સત્યનારાયણ" પ્રિ. પ્રેસમાં

પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યો.

સિવિલ ઈસ્પિતાલ સામે પાનાભાઈની વાડીમાં—અમદાવાદ.

કિંમત ચાર આના. (*Four annas*)

ઉપોદ્ઘાત.

હાલના વખતમાં આ ભારતવર્ષમાં નાણા સંબંધી તંગી વિષે વારંવાર લોકો ફરિયાદ કરતા નજરે આવે છે, અને તેને વાસ્તે દેશની દાઝ જાણનાર રાજનીતિજ્ઞ પુરુષોનાં અંતઃકરણ બહુ દાઝે છે, તેથી તેઓ યત્ન કરતા રહે છે. તેમને ખેડુતોની ઘણી દયા આવે છે, કેમકે મનુષ્યનો જીવનાધાર અન્ન છે, ને અનાજ પકવનારા ખેડુતો છે. તેમની સ્થિતિ બહુ કંગાલ છે તથા તેમના દુઃખનો પાર નથી. અથાગ મહેનત કરવા છતાં પણ તેમને ખાવાને અનાજ ને પહેરવાને લુગડાં પણ પુરાં મળતાં નથી. આનું મુખ્ય કારણ તેઓ દેવાના ડુંગર નીચે દબાઈ ગયા છે તે છે. તેમને કંઈ બોધ મળે તથા નાણાનો ખરો ઉપયોગ કરતાં શીખે એવું પુસ્તક બરાબર રચાય તો તે ઘણું મોટું થઈ જાય, ને ખેડુત વર્ગના છોકરા તેની કિંમત ભારે થઇ જવાથી લઈ શકે નહિ, એમ જાણી આ સારાંશ રૂપ લઘુ પુસ્તક વાચક વર્ગની સેવામાં મૂકવાની તક લીધી છે. આમાં પણ અપૂર્ણતા હશે, તોપણ આમાંથી તેમને કંઇક જ્ઞાન મળશે એવા ઇરાદાથી તથા કેળવણી ખાતાવાળાઓને તે ઇનામમાં લેવાને બની આવે તેથી આનો બહોળો ફેલાવો થાય એવું ધારી ઈંગ્રેજી ચોપાનિયાંના આધાર ઉપરથી આ નાનકડું પુસ્તક રચ્યું છે. આશા છે કે આને જો સારો આશ્રય મળશે તો જેમ બને તેમ સસ્તી કિંમતે વેચવાનું ઠરાવ્યું છે. ભાષા પણ સાદી ને સાધારણ ભણેલા વાંચી સમજી શકે એવી સહેલી વાપરી છે, માટે સુજ્ઞ વાચક વર્ગને વિનંતિ છે કે, દોષ તરફ નજર ન કરતાં આના હેતુ તરફ નજર થાય તો વધારે સારૂં.

ગ્રંથકર્ત્તા.

ચોથી આવૃત્તિની પ્રસ્તાવના.

આ આવૃત્તિ સંશોધન કરી સૂત્રરૂપ વચનોનો અનુક્રમ યોગ્ય રીતે ગોઠવીને તેમજ ટીકાકારોના યોગ્ય અભિપ્રાય સ્વીકારી પ્રસિદ્ધ કરી છે. આ પુસ્તક કેળવણીખાતામાં ઇનામ તથા સ્કૂલલાઇબ્રેરીને વાસ્તે મંજુર થયેલું હોવાથી તથા પહેલી ત્રણ આવૃત્તિ ખપી ગયાથી, લખેલા ઉપોદ્‌ઘાત પ્રમાણે બહોળો ફેલાવો થવાનાં ચિહ્‌ન પુસ્તકની માગણી ઉપરથી જણાયાં છે. જે સુજ્ઞજનોએ આ પુસ્તકનો ફેલાવો થવા તરફ કાળજી બતાવી છે, અને બતાવશે, તેમનો પ્રજા ઉપર તથા મારી ઉપર મોટો ઉપકાર થયો છે, ને થશે, એમ હું માનું છું.

દોહરા.

દેવું દુઃખ કરનાર છે, સુખ સદ્‌ગુણ હરનાર;
સતિયાનું સત દૂર કરે, ગુણીને કરે ગમાર. ૧

દેવાનું દુઃખ ટાળવા, કરીએ કરોડ ઉપાય;
ઉલટું સંકટ સાંપડે, ન કરે કોઇ સહાય. ૨

શિર જેને દેવું રહે, એ છે અધિકો ભાર;
મોટાને પામર કરે, ભૂલ નહિ તલભાર. ૩

ગ્રંથકર્તા.

દેવું અને નાણાંના ખરો ઉપયોગ.

ઇસ્વીસન ૧૫૭૯ માં મરણ પામેલા રૉબર્ટ ડોંકાસ્ટરની કબર ઉપર લખેલો શિલાલેખ.

કોણ, કોણ, અહીં કોણ છે ?

હું રૉબર્ટ ડોંકાસ્ટર છું. જે મારી પાસે હતું તે મેં ખરચ્યું, જે મારી પાસે હતું તે મેં આપ્યું, અને જે મેં ખોયું તે મેં મૂકયું.

નાણાંવિષે સૂત્રરૂપ વચનો.

લફંગા માણસ કહે છે કે, નાણું મેળવવું ને તે ઉડાવી દેવું.

જુગારી કહે છે કે, નાણું મેળવવું અને ખોઈ દેવું.

બડાઈખોર માણસ કહે છે કે, નાણું મેળવવું અને તેનાં ઘરેણાં કરાવી પહેરવાં અને કુલણજી બની ઉડાડવું.

કંજુસ માણસ કહે છે કે, નાણું મેળવવું અને તેને બરોબર સાચવી રાખવું.

નાણાવટી કહે છે કે, નાણું મેળવવું અને તે વ્યાજે આપી વધારવું.

ઉદાર માણસ કહે છે કે, નાણું મેળવવું અને તેના હિસ્સા પાડવા અને તે હિસ્સાનો સદુપયોગ કરવો.

ડહાપણવાળા માણસ કહે છે કે, નાણું મેળવવું અને તે સઘળાનો ખરો ઉપયોગ કરવો.

સુખશાંતિની ઇચ્છા.

સર્વ મનુષ્યપ્રાણી પોતપોતાના કુટુંબ સાથે સુખને આરામમાં રહેવાને ઇચ્છે છે. એ વિચાર કુદરતી છે અને ઘણી ખરી વાર જો અવ્યવસ્થા ન હોય તો તે મેળવી પણ શકાયછે. કમનસીબે આ મુલકમાં આથી ઉલટું જોવામાં આવે છે. ઘણાંખરાં મનુષ્ય પોતાની સંતાપજનક જિંદગી યુવાવસ્થાથી તે આખર અવસ્થા સુધી દેવામાં ગુજારે છે, એટલુંજ નહિ, પણ તેમનાં છોકરાંને વાસ્તે વારસામાં પણ દેવું મૂકી જાયછે. આમ થવાનાં ઘણાં કારણો છે; પણ તેમાં મુખ્ય દેવું કરવાનો ચાલ છે, અને તે આ મુલકમાં સર્વત્ર જોવામાં આવે છે.

આ મુલકમાં કેટલાએક આ દુઃખનો દોષ પોતાના નસીબ ઉપર મૂકે છે. હિંદુસ્તાનના રાજનીતિજ્ઞ સુધારકો, જનમંડળને બોધ કરે છે કે, રાજ્યમાં કાર્યભાર કરવાને પ્રજા પસંદગીના હિમાયતીઓ રાખવામાં આવે એજ દેશનું દારિદ્ર જવાનો શ્રેષ્ઠ ઉપાય છે. ઇંગ્લાંડમાં સેંકડો વર્ષથી પ્રજાની પસંદગીના હિમાયતીઓથી રાજ્ય ચલાવાય છે, તો પણ ત્યાં સંખ્યાબંધ અવ્યવસ્થિત ગરીબો છે; માટે આપણા સુખનો આધાર સરકાર ઉપર રાખવા કરતાં આપણી પોતાની ઉપર રાખવો એજ વધારે યોગ્ય છે. સુધારાનો આરંભ પ્રથમ પોતાની જાત, પછી ઘર, પછી ગામ, પછી પરગણું, પછી જિલ્લો, પછી પ્રાંત, પછી ઇલાકો અને પછી દેશ, ઇત્યાદિ અનુક્રમે થવો જોઇએ.

દીર્ઘદૃષ્ટિથી નિરીક્ષા કરનારાઓ ભવિષ્યનો વિચાર પ્રથમ કરે છે, ત્યાર પછી તેને વાસ્તે તૈયાર થાય છે. આજ મોટો તફાવત જંગલી અને સુધરેલા માણસોમાં હોય છે; કેમકે જંગલી મનુષ્ય, માત્ર ચાલતા વખતનોજ વિચાર કરે છે.

આજ મેળવેલો ખોરાક તેઓ આજે ખાઈ જઈ આનંદ માને છે, પણ ભવિષ્યનો વિચાર ન કરવાથી બીજે દિવસે ભૂખનું દુ:ખ ભોગવે છે. આ પ્રમાણે ઘણાખરા પોતે જે કમાયા હોય તે એકદમ ખરચી નાંખે છે અને જ્યારે મંદવાડ કે બીજું અણધાર્યું ખરચ આવી પડે છે ત્યારે દેવું કર્યા વિના તેમનો છુટકો થતો નથી. ડહાયા માણસો નિયમ પ્રમાણે ખરચ કરી નાણા બચાવી રાખે છે, કે અણધાર્યો પ્રસંગ આવે તો તે વખતે ખરચવાને અત્યુપયોગી થઈ પડે, અને વ્યાજના ભારે બોજામાંથી મુક્ત થવાય.

આ દેશમાં દેવું ફેલાવાનાં કારણો, તેનાથી થતી ખરાબી તથા તેથી મુક્ત કેમ થવાય, તે, અને નાણાના ખરા ઉપયોગ વિષે થોડાંક આધુનિક દૃષ્ટાંત વગેરેની નોંધ આપવી એ ઉપયોગી જાણી તે આમાં આપેલી છે.

હિંદુસ્તાનમાં દેવું કરવાનો ચાલ.

ઘણું કરીને દુનિયાંના સઘળા મુલકમાં અને સર્વ કાળમાં માણસો થોડાં અથવા વધારે દેવાના બોજામાં આવી ગયેલાં હોય છે, અને આવી જાય છે. આજથી હજાર વર્ષ પહેલાં **સોલોમને** એ વિષે એવી સૂચના આપી છે કે 'દેવું કરનાર જેનું દેવું કરેછે તેનો સેવક બને છે.' આપણામાં પણ કહેવત છે કે 'દેવાના દાસ'. હાલમાં ઈંગ્લાંડના ઘણાખરા ગરીબો પોતાનાં વસ્ત્ર ઘરેણે મેલી તેની ઉપર નાણું ઉધાર લે છે. તે શનિવારે જ્યારે તેમને સાપ્તાહિક (અઠવાડિયાનો) પગાર મળેછે ત્યારે તેમાંથી નાણું આપી લુગડાં છોડવી લાવે છે. હિંદુસ્તાનમાં અસલના વારાથીજ દેવામાં પડવું એ સાધારણ થઇ ગયેલું છે, કેમકે હિંદુલોકના જુનામાં જુના વેદ છે

તેમાં પણ સર્વથી જુનો ઋગ્વેદ છે તેમાં એક ઠેકાણે એવી સ્તુતિ કરીછે કે (૯) "હે વરુણ! મને દેવામાંથી મુક્ત કર. મારા વિસ્તારને, તથા મારી સાથે જે જે જોડાયાં છે તેમને અને જેની સાથે મારો સંબંધ છે તે સર્વને દેવામાંથી મુક્ત કર, અને હે વરુણ દેવ! હું બીજાના દેવાને લીધે તેનો તાબેદાર ન થાઉં એમ કર." મનુના કાયદાનું પુસ્તક જે મનુસ્મૃતિ કહેવાય છે, તેના ૧૪૦મા શ્લોકમાં લખ્યું છે કે વસિષ્ઠે નાણું ધીરનારને પોતાનું નાણું વધારવાનો હક દરમાસે ૧૮મો ભાગ વધારે લેવાનો આપ્યો છે તથા તેને કાયદેસર ગણ્યું છે. દર સેંકડે દરમાસે બે ટકા વ્યાજ પોતાના ફાયદાને વાસ્તે લેણદાર દેણદાર પાસેથી લે, તે સારા માણસોનો ધર્મ ઠરાવ્યો છે.

૧૪૨ મા. શ્લોકમાં લખ્યું છે કે, નાણું વ્યાજે આપનાર બ્રાહ્મણ પાસેથી દર સેંકડે દર માસે બે ટકા, ક્ષત્રિય પાસેથી ત્રણ, વૈશ્ય પાસેથી ચાર અને શુદ્ર પાસેથી પાંચ ટકા વ્યાજ લઈ શકે છે.

ઓછામાં ઓછો વ્યાજનો દર, દર સેંકડે દર વર્ષે ૧૫ ટકાનો છે તે જોતાં શુદ્રને ૬૦ ટકા વ્યાજ આપવું પડે. હાલના વખતમાં પણ ગરીબ કરજદારને વારંવાર એક રૂપિયે એક મહીને એક આનો આપવો પડે છે. તેની ગણતરી કરીએ તો સેંકડે ૭૫ ટકા દર વર્ષે વ્યાજના આપવા પડે છે. દેવું કરવાનો પ્રચાર આ દેશમાં ભણેલા ને અભણ સર્વે લોકમાં છે. હિંદુસ્તાનમાં મોટામાં મોટો ભાગ ખેડુત વર્ગનો છે, અને બીજા માણસો કરતાં દેવું કરવાથી જે દુઃખ થાય છે, તે આ લોકોને બહુ વેઠવું પડે છે. તે વિષે ખેતીવાડી સંબંધી સુધારો કરવાની મંડળીનો સ્થાપનાર સ્વર્ગવાસી ડૉક્ટર કેરી કહે છે કે, દેવારહિત જે ખેડુત

હોય છે તે પોતાના વાવેલા અનાજના છોડને ઘણી ખુશીથી જોઇને મનમાં મગ્ન રહે છે. તેની ખુશીનું ચિત્ર ઘણું રળિયામણું જણાય છે. એવા બનાવ જોવામાં આવે તો મોટા ચમત્કારની વાત, આ દેશમાં સર્વ કોઇ ગણે છે. ખેડુત વર્ગના ઘણા ખરા ભાગમાં દેવું કરવાની ટેવે ઉંડાં મૂળ ઘાલ્યાં છે; તેને લીધે તે બિચારા જે મહેનત કરે છે તે, તથા તેઓ જે અનાજ પકવે છે તે સર્વ, તેમને દેવામાંજ આપી દેવું પડે છે, એટલુંજ નહિ, પણ કાપણી કરવાનો વખત આવે ત્યાં સુધીમાં તો તેમના દેવામાં સેંકડે ૪૦ ટકાનો વધારો થાય છે, અને ખેતીવાડીનું કામ આખર આવે ત્યાં સુધીમાં જો તેમના દેવામાં સેંકડે ૫૦ ટકાનો વધારો ન થાય તો તેઓ મોટા ભાગ્યશાળી ગણાય છે.

આપણા જોવામાં ઘણા દાખલા આવ્યા છે અને આવે છે કે, બે વર્ષના પાકમાંથી એક વર્ષના પાક જેટલું પણ ખેડુતોને મળતું નથી, આવું કાંઇ એકનેજ થાય છે એમ નથી, પણ મુલકના ઘણા ભાગમાં એમજ થાયછે. ગુજરાત દેશમાં તો ઘણે ખરે ઠેકાણે સરકારના ભરણાના રૂપિયા પણ પુરા થતા નથી, તો માગનારને વ્યાજ જેટલું આપવાની સગવડ તો આવેજ કયાંથી? આવી હાલતમાં આવી ગયાથી તેમની નીતિમાં બગાડ થાય એમાં લેશમાત્ર પણ નવાઇ નથી.

પ્રાચીનકાળમાં આ મુલકના કેટલાક ભાગમાં જમીન સરકારની કહેવાતી હતી તેથી તેને ઘરાણે મેલી શકાતી નહિ. બુંદેલખંડના ખાલસા ભાગમાં સરકારે રૂડા વિચારથી જમીનદાર લોકોને જમીનનો હક આપેલો છે, પણ તેનો ઠરાવેલો દર તેમનાથી વધારી શકાતો નથી, તોપણ

વરિષ્ઠ ધારણ કરનાર તરીકેની સર્વ સત્તા તે ભોગવે છે. તેઓ બિચારા લોભને લીધે જે જમીન ખરીદ કરેછે તેના પૈસા મારવાડી જેવા સાહુકાર પાસેથી લેછે અને સાનમાં જમીન મેલે છે; તેથી મારવાડીઓ ઘણી ખુશીથી તેમને જમીન ઉપર નાણું ધીરે છે. જ્યારે દૈવી આપત્તિ આવી પડે છે ત્યારે તેઓ સર્વ ખુએ છે અને વરિષ્ઠ ધારણ કરનારને બદલે કનિષ્ઠ ધારણ કરનાર થઇ જાયછે. એટલે સર્વ માલ મતા સાહુકારના કબજામાં જાયછે. સાહુકાર તેમને તેમના પોષણ જેટલુંજ ફક્ત આપેછે, એટલે તેઓ ગુલામની પેઠે તે સાહુકારનું કામ કરેછે.

ખેડુત વર્ગને તેમની કમાણીનો ખરો ભરોસો નથી એ કહેવું કેટલેક દરજ્જે વાજબી છે, કેમકે તેમના પાકનો આધાર અનુકૂળ મોસમ ઉપર રહે છે અને તે સાનુકૂળ કે પ્રતિકૂળ આવવી તે તેમના હાથમાં નથી, માટે તેમના ઉપર મેલાતા અપરાધનો એ બચાવ છે, તોપણ તેમને જે મળે છે તે તેઓ જાળવી શકતા નથી એ ખરૂં છે. જ્યારે વધારે મળે છે ત્યારે વધારે ઉડાવે છે, ને પછી "અલ્લા એક બદામ" થઈ જાય છે. જે માણસોને મુકરર પગાર ઠરાવ પ્રમાણે મળે છે તે પણ ખેડુતની પેઠેજ દેવાના બોજામાં આવી પડેછે. આ વિષે 'ઇન્ડિયન મિરર' પત્ર કહેછે કે—"હિંદુસ્તાનનો ખેડુતવર્ગ અવિચારથી વર્તન કરનારમાં પંકાયેલો છે, તોપણ તેઓ એકલાજ એવા છે એમ નથી, એમ બરાબર જણાયેલું છે. તથા સાધારણ અક્કલથી નિરીક્ષા કરીએ તો જણાઇ આવે છે કે, જે ભારતવાસીઓ કેળવણી પામેલા છે તેમને તથા જેઓ કેળવણી રહિત છે તેમને દુનિયાંદારીની રીતભાત કરવાનો પ્રસંગ આવે છે ત્યારે

પોતાના ગજા ઉપરાંત પૈસા ખરચી સંકટના ભોગ થઇ પડે છે." થોડાં વર્ષ ઉપર મદ્રાસના એક વર્તમાન પત્રમાં લખાયું હતું કે, મદ્રાસ ઈલાકાના ૧૩૦૦ કારકુનો ઉપર તેમના પગારમાંથી વધારે ભાગ તેમના દેવાદારને આપવા સારૂ ફ-રિયાદ થઈ હતી ને તે ફરિયાદ ન્યાયની અદાલતમાં નોં-ધાઇ હતી. એમાં કદાપિ અતિશયોક્તિ હશે એમ માનીએ, તોપણ આ દુર્ગુણ ફેલાયો છે કે નહિ, તે વિષેનો પ્રશ્ન પૂછવાનોજ રહેતો નથી. મદ્રાસના જે ભાગમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો છે ત્યાંના ધર્મ-અધ્યાપકોમાંના ભાગ્યેજ વીસમાંથી પાંચ અથવા છ જણ દેવા વગરના કોરા રહ્યા હશે, એમ તપાસ કરતાં જણાયું છે. ઘરકામ કરનારા પણ વારંવાર વ્યાજે નાણું લઇને તે પતવી શકતા નથી.

દેવું થવાનાં કારણ.

ઘણાંખરાં મનુષ્ય છોકરવાદી સ્વભાવનાં હોય છે તેથી તેઓ હરેક વાતમાં ફકત ચાલતા વખતનોજ વિચાર કરે છે. વર્તમાન તથા ભવિષ્યકાળની લગાર પણ દરકાર રાખતા નથી; માટેજ તેમને આજ પુરૂ થાય એટલું મળ્યું હોય તો પછી તેમને આવતી કાલના સંકટમાંથી કંઈ ઓછું કરવાનો વિચાર સરખા પણ આવતો નથી. ડહાયા માણસ ભવિષ્યનો વિચાર કરે છે અને તેની તૈયારી કરી મૂકે છે, તથા ભૂતકાળમાં જે બન્યું હોય તે ભૂલી જતા નથી. તે વિષે લામ્બ કહે છે કે, "મનુષ્ય પ્રાણીમાં બે જાતના નમુના જોવામાં આવે છે. એક ધીરનાર ને બીજો રાખનાર; એક આપનાર ને બીજો લેનાર; એક પૈસા જાળવી રાખ-

નાર અને બીજો ઉડાવનાર; એક દુરંદેશી અને બીજો ટુંકી નજરનો; એક બચાવનાર અને બીજો ખોનાર; એક પૈસાવાળો અને બીજો પૈસા વગરનો; તેમજ એક કુશાગ્ર બુદ્ધિનો ને બીજો મોબ્બાગ્ર બુદ્ધિનો, એમ હોય છે. વિચાર કરીએ તો દેવું માણસની કમાણી ઉપર આધાર રાખતું નથી, કેમકે એકજ કચેરીમાં બે કારકુનો હોય તેમાંનો એક જેને વધારે પગાર મળતો હોય તે કરજના ઉંડા ખાડામાં ડુબેલો માલમ પડે છે, ને બીજો જેને થોડો પગાર મળતો હોય તે એટલું બચાવી શકે છે કે, જે ભાડાની ગાડીમાં બેસીને તેને જવું પડતું હોય તેવી ગાડી ને ઘોડા વેચાતાં લેઈ શકે છે. એક માણસ ફક્ત ૧૫ રૂપિયાના પગારમાં પોતાના કુટુંબ સાથે દેવું કર્યા વગર રહી શકે છે અને બીજો ૧૫૦૦ રૂપિયાનો પગારદાર કુટુંબ વગરનો હોય તોપણ દેવાના બોજામાં દબાઇ જાય છે. દેવું જેને કુટુંબનું ભરણ પોષણ કરવું પડતું હોય એવા બાપના મરણ પામવાથી થાય છે અથવા કાળ પડે છે ત્યારે નાણું વ્યાજે કાઢવું પડે છે તેથી થાય છે. જે કારણો યોગ્ય નથી તેને વાસ્તે નાણું ઉધારે લેવું તેના તે પોતેજ જવાબદાર છે. પોતાની ભૂલનો ઠપકો બીજા ઉપર બાનું કાઢી મૂકવો, એ ઘણું નઠારૂં છે, પણ તે સુધારવાને યત્ન કરવો, એ વધારે જરૂરનું છે.

લગ્ન તથા મરણ પાછળ થતાં ઉડાઉ ખરચો.

એક પરદેશી લખનાર આપણી પરસ્પર વિરુદ્ધતાનું આ પ્રમાણે વર્ણન કરે છે. આ દેશના લોકો બરાબર ઉડાઉ નથી પણ ઉલટા કંજુસાઈથી અને લોભથી પૈસા એકઠા કરેછે અને પૈસાનો ઢગલો ભેગો થાય એવો તેમનો હેતુ હોય છે, તેથી તેનો ખરો ઉપયોગ કરવાનો તેમને વિચાર સરખો પણ આવતો નથી; એમ છતાં પણ જ્યારે લગ્નનો કે બીજો પ્રસંગ આવે છે, તથા નાત જાતમાં તડ પડે છે, કે કોઇનાં મેણાં ટુંણાં સાંભળે છે, ત્યારે હલકામાં હલકી બાબત ઉપર પણ બહુ ખરચી નાંખેછે. વારંવાર જોવામાં આવે છે કે, લગ્ન પ્રસંગે વધારે નાણું ખરચાય છે. મદ્રાસના એક પ્રસિદ્ધ વર્તમાનપત્રમાં આવ્યું હતું કે, થોડા દિવસ ઉપર એક છોકરાના લગ્નની ખુશાલીની બાબતમાં ૧૫૦૦૦ રૂપિયા તેના બાપે ખેરાત કર્યા હતા. આવા દાખલા ગુજરાતમાં અને કાઠિયાવાડમાં પણ બનેલા છે. હિંદુની ગરીબ જ્ઞાતિઓમાં પણ આવાંજ બેપરવાઇનાં ખરચ કરવામાં આવે છે તેથી તેઓ દેવાની જાળમાંથી નીકળી શકતા નથી. પૈસાદાર લોકો પણ આવા ઉડાઉ ખરચથી કરજના દરિયામાં એટલા બધા ને એવા તો ડુબી જાયછે કે તેમને ઉપર આવવાની બીલકુલ આશા રહેતી નથી. કહેવાને નવાઇ લાગેછે કે, આ લોકો "પૈસો મારો પરમેશ્વર" એમ જાણે છે, તેથી તે મેળવવાને યત્ન કરેછે અને તેને વાસ્તે પોતાની પ્રતિષ્ઠાની હાનિ થાય એવી હલકામાં હલકી નોકરી કરીને પણ મહા મુસ્કેલીથી કમાણીમાં ઉમેરો કર્યાજ કરે છે; છતાંપણ વરા તથા ઉજાણીનાં ખરચ કરવાને બીલકુલ આંચકો ખાતા નથી.

મદ્રાસના માજી રેવરંડ ડબલ્યુ. સ્ટિવન્સન નીચે લખેલા એક સાધારણ લગ્ન પ્રસંગનું આ પ્રમાણે વિવેચન કરેછેઃ—

“૫૦ રૂપિયાના દરમાયાવાળા એક પુરૂષને પોતાની દીકરીના લગ્ન પ્રસંગે ૫૦૦ રૂપિયા ખરચવાના હતા, તે ન હોવાથી દેવું કાઢવું પડયું હતું અને વળી તેના જાણવામાં તો હતું કે તે પૈસા મેળવવાનું તેની પાસે સાધન નહતું, પરંતુ જ્ઞાતિના ધારાને તાબે થઇ ભારેમાં ભારે વ્યાજ આપવું નક્કી કરી તેણે પૈસા કરજે લીધા અને તે માટે વ્યાજના હાથાથી દેવાની ઘંટીમાં ઘણાં વર્ષ સુધી તે દળાયો. એમ કર્યા વિના તેનો છુટકો ન હતો, કેમકે તે કહેતો કે જો હું પ્રમાણિકપણે વર્તુ તો મારી પાસે નાણું નથી અને મારા જેવાને દેવાના ભારમાં દબાઇ જવું એ ખોટું અને બેવકુફી ભરેલું છે, વળી મારી મહેનતથી જે મેળવ્યું હોય તેજ મારે ખરચવું તે સિવાય બીજું ઉધારે લેઇને નજ ખરચવું. પણ કરૂં શું? મારી નાતની રીતભાત કર્યા વિના છુટકો થતો નથી અને પાડોસીનાં મેણાંથી મારે નીચું જોવું પડે છે, એવા બાયલા વિચારને તાબે થઇ બેવકુફીથી તેણે પોતાની ગરદન દેવાની ધુંસરી નીચે મૂકી હતી.”

પંજાબ પ્રાંતના હિંદુઓમાં વૃદ્ધના મરણ પાછળ વરામાં સરાસરી ૫૦૦ રૂપિયા ખરચ થાયછે. વરે કન્યાના બાપને આપવાના રૂપિયાનો સરકારી દર કન્યાએ ૪૦૦ રૂપિયા આવેછે, તે જ્યાં સુધી આપે નહિ ત્યાં સુધી લગ્ન થવા દેતા નથી. આવાં ખરચ કરવાને વાસ્તે તેમની પોતાની કુળક્રમ વંશપરંપરાની જમીન નાણાં ધીરનારના હાથમાં જાયછે, મુંબાઇ ઇલાકાના સમુદ્ર કિનારાના મુલકમાં એટલે કોંકણપટીમાં જમીનદાર પરણવાના ખરચમાં પોતાના બાપદાદાની

જાગીરની જમીન વેચી દેઇ ખોઈ દે છે. કન્યા પરણાવવાના ખરચમાં ખરાબખસ્ત થવાની બીકથી કેટલાક રજપુતો પોતાની કૂખના ગર્ભ જેવી કોમળ કન્યાને દૂધપીતી કરતા હતા, તેનો અટકાવ કરવા સારૂ સર લી. ગ્રાંડ જેકબ સાહેબની સૂચનાથી સરકારને એક ખાસ ખાતું 'ઇનફ્ન્ટીસાઇડ' (બાળહત્યા અટકાવનારૂં) કાઢવું પડયું હતું. તે કેટલાંક વર્ષ રહી બંધ થયું હતું.

આપણા ગુજરાત પ્રાંતમાં પણ ઘણી નાતોમાં પહેરામણી કે વાંકડા આપવાનો ધારો છે, અને એ ધારાને લીધે અહીંના પાટીદાર અને અનાવલા દેસાઇઓ દેવાના ડુંગર તળે દબાઇ ગયેલા છે.

હિંદુઓની એકઠા રહેવાની રીતિ ઉત્તમ છે, તોપણ તેથી ઉત્તરક્રિયા તથા લગ્નક્રિયા કરવાનાં ખરચ આવ્યા વગર રહેતાં નથી અને તે તમામ જે ગૃહપતિ હોય તેને એકલાનેજ કરવાં પડે છે. જુદા રહેનારને તેવાં ખરચ ઘણાં આવતાં નથી. તેમાં પણ જે કમાય છે તેને માથે વધારે બોજો આવે છે, અને એ બોજાની જાળમાં તથા આબરૂની જાળમાં અટવાઇને અંતે ખરાબખસ્ત થઈ જાય છે.

કેળવણી પામેલા જેઓ આ ચાલ પ્રમાણે વર્તે તેમને બેવકુફ ગણે છે, તેમાં પણ એમાં લપટાયેલા જોવામાં આવે છે. તેઓ બીજાને બોધ કરે છે કે એવું કરશો નહિ. પણ એવા બોધની અસર થાયજ કેમ? કહ્યું છે કે "ઘેલી સાસરે ન જાય અને ડહાઇને શિખામણ દે." પ્રોફેસર રઘુનાથ મુડલેર નામનો મદ્રાસી કહે છે કે– "મેં ઘણા માણસોને લગ્ન પ્રસંગે નાચ કરાવવામાં, વરઘોડા કાઢવામાં, માંડવો શણગારવામાં ચોઘડિયાં વગડાવવામાં, અને માંડવામાં

રોશની કરવામાં રૂપિયા ઉડાવતા જોયા છે. નાતવરામાં સારાં સારાં પકવાન્ન કરી વિવાહની કે વરસીની નાતોમાં લોક નાણું ઉડાવે છે અને કહે છે કે—અમારા નાતીલાઓ કરે તે પ્રમાણે ન કરીએ તો અમારૂં નાતમાં હીણું દેખાય, અને અમારા પક્ષમાં કોઈ રહે નહિ. વળી કહેવતમાં કહે છે કે "માબાપનું બારમું અને વહુનું સીમંત ફરીફરીને આવવાનું નથી." માટે એમાં પૈસો ખરચવો એ ઉત્તમ છે! આ ચાલે આપણા ગુજરાતમાં સત્યાનાશની પાટી વાળી છે. અમદાવાદના ઔદિચ્ય બ્રાહ્મણોમાં વરા કરીને મોટાં મોટાં કુટુંબ પાયમાલ થઈ ગયાં ને થઈ જાય છે, તોપણ તેમને દેવું કરવાથી શું પરિણામ આવે છે એ માલમ પડતું નથી, એ અતિ શોચનીય બીના છે.

મદ્રાસની ખ્રિસ્તી કૅાલેજના ચોપાનિયાના મુખપૃષ્ઠ ઉપર લખેછે કેઃ—They are slaves who dare not live in the right with two or three એ અથવા ત્રણમાં જેને ખરૂં કહેવાની હિમ્મત નથી તેઓ ગુલામ છે. જ્યાં પ્રજાનો મુખ્ય ગણાતો વર્ગ અણઘડ ને મૂર્ખ માણસોનો દોરાયો દોરાય છે અને સમજ્યા છતાં એવા બંધનથી ખસતો નથી ત્યાં સુધારો થવાની શી આશા રાખી શકાય?

સ્કૅાટલંડ દેશના રહેવાસીઓની કહેવત અથવા મુદ્રાલેખમાં છે કેઃ—They say what say they? Let them say એનો અર્થ તેઓ જે કહે તે કહેવા દો પણ વાજબી હોય તે કરો, પરંતુ બીજાની બેવકુફી ભરેલી ટીકા તરફ લક્ષ રાખશો નહિ.

જેમ અનાજ વધારે નીપજાવવાને સારૂ અમુક જાતનાં બીયાં જોઈએ છીએ, તેમજ નાણું વધારવાને વાસ્તે

મુડી જોઈએ છીએ. એના ઉપર વ્યવહારનો મોટામાં મોટો આધાર છે. જો બાપ પોતાના છોકરાના લગ્ન પ્રસંગે દ્રવ્યનો જે મોટો જથ્થો ઉડાવે છે તે તેના ફાયદાને માટે જેમાં નફો થાય એવી બાબતમાં તે પૈસો રોકે તો જે જુવાન જોડું પરણે છે તેને ભવિષ્યમાં સારી રીતે રહેવાને માટે વધારે નફા જેવું થઈ પડે, અને તેના સુખમાં પણ વધારો થાય. જે નાણું ખરચાય છે તેનોજ નાશ થતો નથી, પરંતુ તેની સાથે તેના ફાયદાનો પણ નાશ થાય છે.

લગ્ન પ્રસંગે આનંદ માણવો એ વાજબી ને જરૂરનું છે. તે પ્રસંગે વાજબી હદમાં સગાં વહાલાં અને મિત્રોને બોલાવવાં અને તેમને ગમત કરાવવી, પરંતુ હાલમાં બેવકુફી ભરેલું અને અનીતિનું ખરચ જે વધી ગયું છે તે, તથા રામજણીઓ નચાવી અનીતિનાં ગીત અને ગાયન સાંભળવાં એ કેળવણી પામેલાએ જેમ બને તેમ પોતાના તન મન અને ધનની શક્તિ પ્રમાણે હરેક રીતે ઓછાં કરવાં જોઈએ.

નાણું સેવિંગ્સ બેંકમાં ન રાખતાં તેનાં ઘરેણાં કરાવીને ખુએ છે.

હિંદુસ્તાન દેશ બ્રિટિશ સરકારના હાથમાં આવ્યો તે પહેલાં લોકોને પોતાની માલ મિલકતની સહીસલામતીનો ભરોંસો રહેતો નહિ. દેશમાં અવ્યવસ્થા રહેતી અને ચોર લોકો લુંટફાટ ચલાવતા હતા. મરાઠાઓનાં ટોળેટોળાં દક્ષિણથી બંગાળા સુધી પ્રજાને લુંટવાને ફરતાં

હતાં તે હજુ સુધી લોકોના મનમાંથી ખસ્યું નથી, કેમકે કલકત્તાના બચાવને વાસ્તે તે વખતમાં જે ખાઈ ખોદી હતી તે હાલ પણ છે, તેને મરાઠાની ખાઈ કહે છે. ધાડપાડુઓનાં ટોળાં હાથમાં ચળકતા ભાલા અને બળતી મસાલો લઇને રાત્રે પૈસાદારનાં ઘર ઘેરી લેતાં હતાં. તેઓને જો સઘળી મિલકત એકદમ આપવામાં ન આવતી તો તેઓ ઘણી સખત પીડા થાય એવા ઉપાયો કામે લગાડતા હતા. કાન તોડીને વાળીઓ કાઢી લેતા, હાથ પગ બાંધતા કે જેથી સહેલી રીતે નાણું લઈ જવાય.

આવી અવસ્થાને લીધે લોકો પોતાની પાસે જે બચતું તેનાં ઘરેણાં કરાવતા હતા, કેમકે તે સહેલથી લઈ જવાય તથા સંતાડાય. આ કારણથી લોકને ઘરેણું કરાવવાની ટેવ પડી અને તે ટેવ આખરે સ્વભાવ થઈ પડી ને આજ સુધી ટકી રહેલી છે.

હિંદુસ્તાન ઉંચી ધાતુની ખાણ છે, એવું જે કહેવાય છે તે ખરૂં છે, કેમકે આખી દુનિયાંની ઉપજનો ⅓ સોનું અને ½ રૂપું હાલમાં આ કામમાં (ઘરેણાં કરાવવામાં) ખરચાય છે.

સન ૧૮૮૧ માં પરદેશથી હિંદુસ્તાનમાં આવેલી ખરી આયાત ૪૫૦૦૦૦૦૦૦૦ છે. સને ૧૮૮૪ આખર થયેલાં પાંચ વર્ષમાં જે સોનું આવ્યું તે ૨૨૫૦૦૦૦૦૦૦ની કિંમતથી વધારે નાણાંના આકારમાં આવ્યું છે, તોપણ જે સિક્કાના આકારમાં આવેલું એવા સોનાના સિક્કા કવચિતજ જોવામાં આવે છે, કેમકે તેનાં ગાળીને ઘરેણાં થાય છે. રૂપાનું નાણું સાધારણ રીતે સિક્કાના આકારમાંજ આપણને પહોંચે છે. તેમાંથી કેટલાક રૂપિયા ફરતા રહે છે, કેટલાક દાટી મેલવામાં આવે છે; પરંતુ રૂપિયાની ઘણી સંખ્યા ઘરેણાં કરાવવાને વાસ્તે ગાળવામાં આવે છે. તેનો પ્રત્યક્ષ દાખલો

તો એ છે કે, શકાઇ ધુપશાઇ વગેરે જે રૂપિયાનો વટાવ આવતો તેવા રૂપિયાનાં હાલ દર્શન પણ થતાં નથી.

આપણા હિંદુ લોકોની તમામ જાતિમાં કેટલીક નઠારી રૂઢિઓને લીધે નાણાંને ગાળીને તેનાં ઘરેણાં કરાવવાં પડે છે, તેમાં જે રાક્ષસી નાણું વપરાય છે તેનો કાંઇપણ વિચાર આવતો નથી, એટલુંજ નહિ, પણ નવાં નવાં ભભકાનાં ઘરેણાં કરાવી નાણાં રોકવામાં આવે છે.

પહેલાં આપણે ઘરેણાં કરાવવાનું ખરચ થાય છે તે વિષે વિચાર કરીએ. સન ૧૮૮૧ની સાલના વસ્તીપત્રકની ગણતરી પ્રમાણે હિંદુસ્તાનમાં ૪૦૧૫૮૨ સોની અને ૩૮૪૦૮ લુહાર પંદર વર્ષ ઉપરની ઉમ્મરના હતા. હવે તે જુવાન સોનીઓની સરાસરી કમાઈ દર માસે દર મનુષ્યની ૬ રૂપિયા ઓછામાં ઓછી ગણીએ તો દર વર્ષે ૨૮૯૧૩૯૦૪ રૂપિયા થાય.

જો આ હાનિકારક છોકરવાદી રિવાજ કાઢી નાંખી સોનીને લુહારના કામમાં નાખીએ તથા તેમની પાસેથી હળ અને બીજાં ખેતીવાડીનાં ઓજારો સુધરાવીએ તો કેટલો મોટો તફાવત પડે, અને આપણી હાલત કેવી સુધરે? એક તો એ કે, ૨૮૯૧૩૯૦૪ રૂપિયા ઘડામણમાં જતા બચે, તે ખેડુતના ભંડોળની જરૂર છે તેમાં ઉમેરો કરે ! નાણું હોય તો તેનું વ્યાજ આવે, ઘરેણાનું વ્યાજ આવે નહિ. કેમકે નાણું ધીરનાર ઓછામાં ઓછા ૧૨ ટકા ને વધારેમાં વધારે ૩૬ ટકા વ્યાજ પેદા કરી શકે છે. એ બધા રૂપિયા અને તેનું વ્યાજ ઘરેણાં કરાવીએ છીએ તેમાં ઓહિયાં થઈ જાય છે.

માજી મરનાર મહારાજા સિંધિયાએ પોતાના ખજાનામાં ઓછામાં ઓછા રૂ. ૩૨૫૦૦૦૦ દાટી મૂકયા હતા, તેમાં-

થી એક ક્રોડી સરખીએ ઉપજ આવતી નહતી, અને એ રૂપિયા બીનઉપયોગી આજ સુધી પડી રહ્યા હતા, મહારાજા મરી ગયા પછી નિમાયેલી રિજન્સીએ એ રૂપિયા બ્રિટિશ સરકારને રેલવેનું મોટું કારખાનું કરવા સારૂ ધીર્યા તેના દરવર્ષે ૧૪ લાખ રૂપિયા વ્યાજના પાછા આવે છે, અને મુડી તો છે એની એજ છે.

ગુજરાત પ્રાંતમાં સ્વામીનારાયણની બે ગાદીઓ છે, તેમાંની એક અમદાવાદમાં અને બીજી વડતાલમાં. તે બંનેમાં દરેક ઠેકાણે આશરે ત્રણ ત્રણ કરોડ રૂપિયાથી ઓછો ભંડાર નથી. એ ભંડારમાંથી કંઇપણ રકમ બહાર નીકળતી નથી પણ દરવર્ષે તેમાં વધારો થતો જાયછે. એ ધર્મના પૈસાના ખરા માલિક તેના સેવકોજ છે, કેમકે તે સર્વ સેવકનું આપેલું છે. તે પૈસા તેવા સેવકોની સ્થિતિ સુધારવાને ઓછે વ્યાજે આપવામાં આવે અથવા ધર્મમાં અને નીતિરીતિમાં સુધારો થવાને ખરચાય તો કેટલો ફાયદો તે પંથ ચલાવનારને ને તે પંથના લોકોને થાય?

ગણુતરી કોઠનાં જણાય છે કે ૨૦૦૦૦૦૦૦૦૦ રૂપિયા હિંદુસ્તાનમાં ભોંયમાં દાટેલા અથવા ઘરેણામાં રોકાયેલા છે. તે સર્વ નાણાનું દરસેંકડે દર વર્ષે ૧૨ ટકા પ્રમાણે વ્યાજ ગણીએ તો ૨૪ કરોડ રૂપિયાની રકમ, જે આખા હિંદુસ્તાનની જમીનની મહેસુલની પેદાશ હાલ થાયછે તેની બરોબર થાય.

ઇંગ્લાડમાં એવો ધારો છે કે સોનાનું ઘરેણું કોઈએ કસાવવું નહિ તેથી દરરોજ સોનાનું નાણું સંખ્યાબંધ નવા અને જુના સિક્કામાં જોવામાં આવેછે. હિંદુસ્તાનમાં રેલવે (લોઢાની સડક) બંધાવવા વાસ્તે નાણું જોઇએ છીએ ત્યારે

અહીંના લોકો તે આપી શકતા નથી, પણ ઇંગ્રેજ લોકોએ હાલમાં ૧૬૦૦૦૦૦૦૦૦ રૂપિયા ધીરેલા છે જેનું તેમને ફક્ત દર સેંકડે દર વર્ષે પાંચ ટકા પ્રમાણે વ્યાજ મળે છે તેના કરતાં પણ ઓછું વ્યાજ ગણીએ, તો હિંદુસ્તાનમાંથી વ્યાજની દર વર્ષે ઓછામાં ઓછી ૭૦૦૦૦૦૦૦ રૂપિયાની મોટી રકમ ઇંગ્લંડ જાય છે. આ બધા રૂપિયા આપણા હિંદુ-લોકો ઘરેણાં કરાવવા વાસ્તે સોનાના સિક્કાઓ ગાળી દેતા ન હોય તો હિંદુસ્તાનમાંથી વિલાયત જતા અટકે.

એ બે બાબતો બતાવવાને માટે થોડી રકમના આંકડાનો દાખલો આપવો જોઇએ. આ બે નીચેની હકીકતોનો મુકાબલો કરો:—

અ પાસે ૧૦૦ રૂપિયા છે, તે સેવિંગ્સબેંકમાં વ્યાજે મૂકેછે, તેને દરવર્ષે દરસેંકડે ૩¾ ટકા કરતાં વધારે વ્યાજ મળતું નથી પણ નાણાંને કોઇપણ તરેહની હરકત નથી તથા તે જ્યારે જોઇએ ત્યારે પાછું લઈ શકાય છે. ધારો કે તેને રૂ. ૧૦૦ જોઇતા હોય તો તે પોતાના રૂપિયા પાછા લઈ શકે તો ફક્ત રૂ. ૩—૧૨—૦ વ્યાજનુંજ તેને નુકસાન થાય, પરંતુ તે સિવાય બીજું કંઈ પણ આપવું પડે નહિ.

બ રૂ. ૧૦૦ ઘરેણામાં રોકે છે તો તે ઘરેણું બનાવવાની મહેનતના ત્રણ ચાર રૂપિયા તેને સોનીને આપવા પડે છે તથા તેનું કંઇપણ વ્યાજ મળતું નથી, ઘરેણાંને નુકસાન થાય અને ઘસારો લાગે તે જુદું. તે સિવાય એ ઘરેણાની ચોરી થવાનો સંભવ રહે છે. જો તેને ૧૦૦ રૂપિયા જોઇતા હોય તો તે ઘરેણું ઘરાણે મેલી તેટલા રૂપિયા ઉધારે લેછે. તેના દરવર્ષે દરસેંકડે રૂ. ૧૨) વ્યાજના આપવા પડેછે.

આ બે માણસની વાર્ષિક ખોટની સ્થિતિ આ પ્રમાણે બતાવી શકાય છે.

अ રૂ. ૩-૧૨-૦ કમાય છે ને **ब** રૂ. ૧૨-૦-૦ તથા ઘરેણાં કરાવવાનું જે ખરચ થાય તે ખુએ છે. પણ આ ઉપર જેટલું બતાવ્યું તેટલુંજ નુકસાન નથી. નાણું બરોબર રીતે ઉપયોગમાં આણતું તે અનાજના બી જેવું છે. આ ટીકા બરોબર છે. હિંદુસ્તાનની ગરીબી દશાનું મોટામાં મોટું કારણ એ છે કે લોકો (પૈસા) નાણું ફરતું રાખવાને બદલે દાટી મૂકે છે તે છે.

अ નામનો એક ખેડુત ૧૮ રૂપિયા પોતાની કમાઇમાંથી બચાવેછે તે તેના સાધારણ કામમાં આવનાર હળના કરતાં બમણું કામ કરી શકે એવું સારૂં હળ ખરીદ કરવામાં ખરચેછે.

ब નામનો બીજો ખેડુત ૧૮ રૂપિયા બચાવે છે તે પોતાનું જુનું અને બરાબર કામ કરી શકે નહિ એવું હળ રહેવા દેછે ને તે રૂપિયાની પોતાની સ્ત્રીને હાથે બંગડીઓ કરાવીને પહેરાવે છે.

क એક વ્યાપારી ૧૦૦ રૂપિયા કમાય છે તે પોતાના વ્યાપારના ભંડોળમાંથી વસ્તુઓ ખરીદ કરવા સારૂ જેની પાસેથી લે છે તેને રોકડા પૈસા આપી વહેલું નાણું આપવાને બદલે ઓછી કિમ્મતે તપાસ કરી સારો માલ ખરીદે છે.

ड એક બીજા વ્યાપારી ૧૦૦ રૂપિયા કમાય છે તે પોતાની બૈરી સારૂ સોનાની બંગડીઓ કરાવવામાં ખરચેછે તે પોતાના વ્યાપારના ભંડોળમાં માલનો વધારો કરતો નથી અથવા માલ જોઇતો હોય ત્યારે ઉધાર લાવે છે તેથી તેનો વટાવ ખુએ છે, અથવા કદાપિ સારો માલ મેળવવાનો પ્રસંગ પણ ખુએ છે.

ઘરેણાં કરાવવાથી ઘણી લુંટ તથા ચોરીઓ અને છો-

કરાં તથા બાઇડીઓના પ્રાણહારક બનાવ દરવર્ષે બનેછે, માટે નાણું ગાળી ઘરેણું કરાવવું એ નુકસાનકારક છે.

૨૦૦૦૦૦૦૦૦૦ રૂપિયા અથવા વધારે રૂપિયા ઘરેણામાં રોકવામાં આવેછે, અને તેમાંથી કંઇપણ ફાયદો મળતો નથી પણ નુકસાનજ થાયછે, તે તો પ્રત્યક્ષજ છે. હવે જો તે નાણું ઉધારે માલ લેવાને બદલે રોકડેથી લે તો તેમાં ખેડુતના કામનાં સારાં ઓજારોમાં, સારાં ઢોર ઢાંખરમાં તથા જે દેવું હોય તેમાં આપવામાં આવે તો હિંદુસ્તાનની ઉપજમાં કેટલો વધારો થાય, અને દેશ કેવી સારી સ્થિતિમાં આવે !

પોતાના ગજા ઉપરાંત ખરચ કરીને રહેવું:— સ્માઇલ્સ કહેછે કે—" શુદ્ધ ચિત્તનો માણુસ પોતે જેવાછે તેના કરતાં વધારે પૈસાદાર બતાવવાને પોતાની પાસે નહિ છતાં એમ બતાવે છે કે, મારી પાસે છે. એવું બતાવતાં અથવા પોતાની જેવી સ્થિતિ છે તેમાં સંતોષ પામવાને બદલે અહંકારની સ્થિતિમાં રહેવાને અચકાશે. બીજા લોકોના અપ્રમાણિકપણાથી મેળવેલાં સાધન કરતાં પોતાના પ્રમાણિકપણે મેળવેલાં સાધનમાં રહેવાનીજ તે હિમ્મત ધરે છે. અપ્રમાણિકપણાને તે ખીસાકાતરૂના જેવું ગણે છે તથા કમાઇ ઉપરાંત ખરચ કરવાથી ભૂખે મરવું પડે માટે જેના તેના લાગી ગુજરાન ચલાવે છે તેના કરતાં તે પ્રમાણિકપણે ભૂખે મરવું ઉત્તમ ગણે છે."

ઉપરની ટીકા કેટલાએક કેળવણી પામેલા વર્ગને લોકો જેઓ શહેરમાં રહેછે તેઓને મુખ્યત્વે કરીને લાગુ પડે છે. તેઓના બાપદાદા સાદી જિંદગી જે રીતે ગુજારતા હતા

તેની જિંદગીમાં શરૂઆતથીજ સંતોષ પામતા નથી. તેઓ આબરૂ મેળવવાને વાસ્તે એવું કરવાની જરૂર બતાવે છે. બહારનો દેખાવ બતાવવાને તેઓ જ્યાંથી મળે ત્યાંથી દેવું કરે છે એવી રીતે તેઓ દુઃખી હાલતમાં આવી પડે છે, એટલે તેના તાળીમિત્રો બળિયાકાકાનો ચેપી-સાંસર્ગિક રોગ છે, એવું ધારી નાસે છે તેવી રીતે તેને જોઇને સંતાઈ જાય છે.

માદક પદાર્થ પીવાને માટે દેવું કરવું એ ઉડાઉનું મોટામાં મોટું અને ઘણું ધિક્કારવા યોગ્ય વ્યસન છે.

હામી અથવા જામીનગીરી:--જ્યાં જામીનગીરી થોડી હોય તે સારૂં. કેટલાક એવા બનાવો છે. જેમકે આપણા મિત્રોને મદદ કરવી એ આપણો ધર્મ છે. જો તમે નાણું આપવાને શક્તિમાન હો અને તમારે તે નાણું ખોવાની ઇચ્છા હોય તો તમે તેમ કરો, પણ તમે જે વચન પાળવાને અશક્ત હો તે વચન આપવાનો તથા જે નાણું તમારે દેવું કાઢીને આપવાનું હોય તે કરવાનો તમને લગારે હક નથી. ઘણાં માણુસો જામીન થવાથી પોતે તથા તેમનાં કુટુંબ ખશબખસ્ત થઈ જાય છે. દેવું થવાનાં બીજાં કારણોમાં આળસ જુગટું, વાયદા ઈત્યાદિ છે.

દેવું કરવામાં પાપ.

આ નીચે લખેલાં ત્રણ પાતકોનું સંક્ષેપમાં વર્ણન કર્યું છે.

૧. પૈસાની ખોટ—સને ૧૮૮૧માં ૨૨૧૦૧૦ માણુસો હિંદુસ્તાનમાં વ્યાજનો ધંધો કરનારા હતા, તે સિવાય બીજા કેટલાએકે પોતાનો એ ધંધો છોડયો હતો. આવા માણુસો પાસેથી જે નાણું વ્યાજે લીધેલું હોય છે તેનું વર્ષનું વ્યાજ આપવાની રકમ ઘણીજ મોટી થાય છે.

ડાક્ટર હંટર કહેછે કે—' ઘરેણાં ઉપર નાણું વ્યાજે લે, તેનો દર સરાસરી આશરે દર સેંકડે દર વર્ષે બાર ટકા ગણવામાં આવે છે.'

હિંદુસ્તાનના દરેક ભાગમાં નાણું ધીરનારને વ્યાજની કેટલી રકમ આપવી પડે છે તેની તજવીજ કરવી એ મારૂં કર્તવ્ય હોવાથી મને માલમ પડેલું કે ખેડુત લોકોને જે થોડી રકમ વ્યાજે લેવી પડે છે તેનું તે જુના દર પ્રમાણે દરવર્ષે દરસેંકડે ૩૭½ ટકા પ્રમાણે વ્યાજ આપે છે. જ્યારે ગરીબ લોકો નાણું, કોઇ પણ વસ્તુ તેના અવેજમાં આપ્યા વગર—અંગઉધાર લે છે ત્યારે તો તે બિચારાને દર રૂપિયે દર મહીને એક આના લેખે ગણતાં દર સેંકડે દર વર્ષે ૭૫ ટકા જેટલું ભારે વ્યાજ આપવું પડે છે.

ગુજરાતના જે ભાગને ચરોતર કહે છે તેમાં અને બીજે ઘણે ખરે ઠેકાણે ગરીબ ખેડુતો બિચારા બહુ મહેનત કરી અનાજ પકવી તેમના માગનારા અને સરકારને હપતા ભરી આપતાં પાયમાલ થઇ જાય છે, તેથી જ્યારે જેઠ મહીનો આવે છે ત્યારે તેમનાં છોકરાંને ખાવા માટે અનાજનો કણ સરખોએ રહેતો નથી. કેટલાક દિવસ સુધી તો તેમને ડાકાજ કરવાજ પડે છે, અને ડોડીની ભાજી વીણી લાવી તેમાં સહેજસાજ અનાજનો લોટ નાંખી તેના પીણા ઉપર ચલાવવું પડે છે. તે બિચારા એવા વખતમાં પોતાના ધીરનાર પાસે મણ બે મણ દાણા મોસમમાં બમણા ને વખતે ત્રમણા આપવા કરી લઇ આવે છે. એવા લોકોને ધીરવાને વાસ્તે ઘણા ખરા લોકો મોસમમાં ઓછી કિંમતે દાણા ખરીદ કરી રાખે છે, અને આવા વખતમાં ઉપરના ઠરાવ પ્રમાણે આપે છે તેથી તેમને સેંકડે ૧૦૦ ટકા પ્રમાણે વ્યાજ મળે છે;

અને પેલા બિચારા ખેડુતો અને તેમનાં આખાં કુટુંબ વંશપરંપરા એવીને એવીજ નઠારી સ્થિતિમાં પોતાના દિવસો ગુજારેછે.

દેવામાં પડવાથી જે ખોટ જાય છે તેના થોડા દાખલા આપવા જોઈએ. એક માણુસ જેને દર માસે ૪૦ રૂપિયા પગાર મળતો હોય તેને દર માસે રૂ. ૩૦) વ્યાજ આપવું પડે છે. બીજો માણુસ જેને દર માસે ૨૦ રૂપિયા પગાર મળતો હોય તે પોતાના પગારમાંથી ચાર રૂપિયા બચાવે છે. ત્રીજો માણુસ જેને ૫૦) રૂપિયા દેવું છે તે દર મહિને રૂ. ૩—૨—૦ દેવાના વ્યાજમાં ભરેછે. એ પ્રમાણે ત્રણ વર્ષનો કરાર કરેલો હોય તો તે પ્રમાણે ત્રણ વર્ષની આખર સુધીમાં તેણે ૧૦૦ રૂપિયા વ્યાજના ભર્યા તોપણ તેનું દેવું જે ૫૦ રૂપિયા હતું તેમાંથી તો કંઇ પણ ઓછું થયું નહિ. આવા દાખલા બંગાળમાં બનેલા છે. હવે મદ્રાસનો દાખલો આપુંછું. આજથી આશરે પાંચ વર્ષ ઉપર એક માણસને દર માસે રૂ. ૧૨ નો પગાર હતો. તેણે પોતાના લગ્ન પ્રસંગે રૂ. ૨૦૦) દરમાસે રૂા. ૬) વ્યાજના આપવા ઠરાવી કરજે લીધાં; કેટલાક વખત સુધી તેણે તે ભર્યા નહિ, તેથી તેનું દેવું વધીને રૂા. ૪૦૦ થયું, તેમ તેનો પગાર પણ વધીને રૂા. ૧૮)નો થયો. ત્યાર પછી તેણે વ્યાજનો દર ઓછો કરાવી દરમહીને રૂા. ૭) આપવા ઠરાવ્યા.

કરજદારો કરોડો રૂપિયા દરવર્ષે વ્યાજના આપે છે. તેમને ફક્ત વ્યાજનુંજ નુકસાન નથી, પણ મુડીનું પણ નુકસાન છે. માણુસ મુડી વગર કોઇપણ નફાનો રોજગાર કરી શકતો નથી. જો તે સાહુકારનો કરજદાર હોય તો તે રોકડેથી જે જણુસ ખરીદ કરે તેના કરતાં ઉધાર લેવાથી તે જણસોનો તેને ભારે દર આપવો પડે છે. હિંદુસ્તાનની ખે-

તીવાડી ઘણી પછાડી છે ને તે સુધરતી નથી તેનું ખરૂં કારણ ખેડુતોને નાણાંની તંગી છે તેજ છે. સારાં હળ અને મજબુત ઢોરઢાંખર હોય તો તેની પેદાશ બહુજ વધે એ ઉઘાડું છે.

૨. ફજેતી.—લૉંગફેલો પોતાના ગામડાના લુહારને કહેછે કે:—જેનાં ભવાં પ્રમાણિક પરસેવાથી ભીનાં થયાં છે તે ધારે તે પેદા કરી શકે છે.

જેને કોઈ પણ માણસનું દેવું નથી તેજ પોતાની આંખથી સઘળી દુનિયાંને આનંદમય જુએછે.

. બીજી રીતે દેવાદાર તેના માગનારને ઠરાવ પ્રમાણે ન આપ્યાથી માગનાર તેને ગાળો દેછે તથા ઠપકો આપે છે. કેટલીક વખત તો તે પોતાની મેળે સંતાઈ જાય છે. કેટલીક વાર તો પકડાયાની બીકથી આ ઠેકાણેથી આ ઠેકાણે ને આ ઠેકાણેથી આ ઠેકાણે, એમ તે ભટકતો ફરેછે. તે પોતાની તથા બીજાની નજરમાં હલકી સ્થિતિમાં પહોંચેલો દેખાય છે. તેની જિંદગી હલકી સ્થિતિથી બદલાઇ ગયેલી હોય છે અને ખરચ કરેછે તેથી તેનું પરિણામ એ થાય છે કે, તેજ તેને તુરંગમાં લઈ જાય છે.

૩. જુઠું બોલવું.—જે માણસ દેવાદાર થાય તેને સાચું બોલવું ઘણુંજ કઠણ થઇ પડે છે. એક માણસ પાસેથી પોતાને જોઇએ એટલું દેવું મળે તે લઈને બીજાને આપેછે, ને બીજાનું લઇ ત્રીજાને, એમ પોતે દેવામાંથી છુટો છે એવું બતલાવવાનો યત્ન કરે છે. જેનું દેવું કરે છે તેને કહે છે કે, હું આનું વ્યાજ અમુક દિવસે આપીશ, અને મુદ્દલ અમુક દિવસે આપીશ; પણ જ્યારે મુદતનો વખત આવે છે ત્યારે એ કંઈ પણ આપી શકતો નથી. આવી રીતે તેનાં વચન વારંવાર અથવા ઓછામાં ઓછાં વીસ વખત ફરે છે. તેમાં

કેટલું બધું જુઠાણું છે? એ વિષે એવું કહેવાય છે કે "જુઠાણું દેવું કરનારના માથા ઉપર ચઢી બેસે છે" એ ખરૂં છે.

૪. જિંદગી સુધીની ગુલામી.—સોલોમન કહે છે કે, "દેવું કરનાર જેની પાસેથી ઉધારે લેછે તેનો ચાકર થાયછે". આપણે હિંદુલોકો એવા તો ટુંકી નજરના છીએ, તેમજ આપણા વ્યાજનો દર એટલો તો ભારેછે કે, જ્યારે જ્યારે માણસો નાણું ધીરનારના ચોપડામાં નોંધાયછે ત્યારે ત્યારે તેમાંથી છૂટવું તેમને મહા મુશ્કેલ થઈ પડે છે, અને નાણું ધીરનાર તેને છોડવાને ઇચ્છતો પણ નથી. તે કમનસીબ દેવાદાર તેમને ફાયદાનું એક રમકડું થાય એવું તે ઇચ્છે છે. તે પોતાના લોભને માટે ખેડુતના અનાજના છોડ પોતાનાથી બની શકે એમ પોતે કબજે લે છે, અને તેને ફક્ત ભૂખમરાથી બચવા જેટલું આપી બાકીનું પોતે લઈ જાયછે. એમ દેવું કરનારા તેની જિંદગી પર્યંત દુઃખ ભોગવેછે, એટલુંજ નહિ પણ એ દેવું તેનાં છોકરાંનાં છોકરાં સુધી પરંપરા ચાલ્યુંજ જાય છે.

૫. અપ્રમાણિકપણું—આપણે જાણીએ છીએ કે દેવું કરવાને અશક્ત હોઈએ એમ છતાં તે કરીએ તો અપ્રમાણિક કહેવાઇએ; પણ તેના કરતાં વધારે ખરાબ તો એ છે કે દેવું કરનાર તેના માલીકની મરજી સિવાય કરેછે. જે કારકુનો અને બીજાઓને વારંવાર તેમના શેઠ કામે લગાડેછે અને પોતાનાં નાણાં તેમના તાબામાં સોંપે છે તેવા ગુમાસ્તાઓને જલદીથી હિસાબ કરવાનો હોતો નથી તેથી તેમને એમાંથી ઉપયોગમાં લઈ ઉડાવવાની ખરેખરી લાલચ મળેછે. પહેલું તો એ કે કારકુન એવું જાણે છે કે તે જલદીથી પતી જશે અને તે બતાવવાને સારૂ વખત પુષ્કળ છે. મારી

પાસે મારા શેઠની સીલીક રહેછે તેમાંથી તે દેવું મહીના આખરે પાછું વાળી શકીશ, એવી ખોટી આશામાં રહેછે, તેથી તે મહીનાની આખરે પણ પાછું વાળી શકતો નથી માટે પોતાનો હિસાબ શેઠને અસ્ટમપસ્ટમ મેળવી બતાવેછે તોપણ છેવટે ઘણું કરી પકડાઈ જાયછે. એવી રીતે ધીરનાર તથા લેનાર કોઇ વખત ખોટા લેખ બનાવવાના ગુનામાં સપડાઈ ગયેલા જણાય છે. આ મુલકમાં જે મોટા કારાગૃહ છે તેમાં કેટલાક કેળવણી પામેલા, અને કેટલાક આબરૂદાર માણસો તેમના લેણુદારની ઉઘરાણીની બહુ તા..દને લીધે અપ્રમાણિકપણાથી કેદખાનામાં ગયેલા છે અને જતા જેવામાં આવે છે.

૬. **કુટુંબની ફજેતી.**—દેવું કરનારના કુટુંબને તે દેવાદારની પેઠેજ દુઃખ ભોગવવું પડે છે. દેવાદાર પોતાના કુટુંબનું બરોબર રીતે પાલનપોષણ કરી શકતો નથી. માગનારા આવશે ને જરૂરની ચીજો લઇ જશે, એવી બીકથી તેમનાં મન હમેશાં ગભરાયેલાં રહે છે. કેટલીક વખત દેવાદાર પોતાની જિંદગી પર્યંત દેવાવાળોજ રહેછે, તેને બધી વસ્તુઓ વેચી દેવી પડે છે અને પોતાનું ઘર તથા ભાડાનું મકાન પણ તેના કુટુંબને છોડવું પડે છે. બીજી રીતે દેવાદારને દેવાનાં કડવાં ફળ પોતાનેજ ચાખવાં પડે છે એટલુંજ નહિ, પણ તેના મરણ પછી તેનાં બાયડી છોકરાં પાસેથી બધું જતું રહી તેઓ ચીંથરે હાલ થઇ જાય છે. એટલે અલ્લા એક બદામ જેવાં થઇ જાય છે.

૭. **નીતિની અને આત્મિક ખોટ.**—દેવાદાર એવો તો અકળાઈ જાયછે કે તે પોતાની પરમેશ્વર પ્રત્યેની ફરજો તથા માણસ પ્રત્યેની ફરજોનો વિચાર સરખોએ કરી શકતો નથી;

તેમજ પોતાની ચાલ સુધારવાને યત્ન કરતો નથી. કોઇ પણ સારો ઠરાવ ધારણ કરે પણ આફત આવી પડવાથી એ વિચાર જલદીથી ઉડી જાય છે તેથી તેને તેનાં ફળ મળતાં નથી. એવું જણાયેલું છે કે, દેવાદાર અપ્રમાણિક-પણામાં લલચાયેલો છે. કેટલીક વખત અસંખ્ય વેદનામાં વિચાર કરતાં તેમાંથી મુક્ત થવાનો સીસો બંધ કરેલો હોય છે તે ઉઘાડી તેનું પાન કરીને દેવાદાર મરે છે. ખ્રિસ્તી લોકોના બાઇબલમાં કહ્યુંછે કે "અપ્રમાણિક માણસ પરમેશ્વરના રાજ્યમાં હમેશાં રહેતો નથી." તેમ આપણાં શાસ્ત્ર વચનોમાં પણ અપ્રમાણિકપણાનો મોટો ધિક્કાર કરેલો છે.

દેવામાં આવી પડેલાઓમાંથી કોઇ પણ ખોટું કામ હોય તેવા કામમાંથી થોડાજ બચતા હશે. બીજા ઉપર ધાતકી ભાર મેલવાનું દેખાડતાં અને અપ્રમાણિક રીતે ચાલતાં તેમને કાંઈ પણ આશ્ચર્ય લાગતું નથી.

દેવામાંથી શી રીતે મુક્ત થવાય ?

દેવાદાર કહે છે કે—હું ઘણો દીલગીર છું કે આ બાબત સુધારી શકતો નથી.

એમ એ હજારો વર્ષ સુધી દીલગીર થાય તોપણ એક પાઈ સરખીએ દેવામાં ભરતો નથી.

પર્વત ઉપરથી એક મોટો પત્થર નીચે નાંખવો એ સહેલું છે; પણ તે પથરાને ગબડાવતાં ગબડાવતાં ઉંચે ચઢાવવો એ મહા મુશ્કેલ છે, તે પ્રમાણે દેવું કરવું એ સહેલું છે પણ દેવામાંથી મુક્ત થવું એ મહા મુશ્કેલ છે. હજુ સુધી

અને એવું છે અને જે મહેનત લઇએ તેનું ઇનામ પુરેપુરૂં મળશે. દેવાદારને તેના ઉપર જે ન ઉંચકાય એવા દેવાનો બોજો પોતાની મેળે પોતાથી બની શકે એટલો મુક્ત કરવાને પરમેશ્વર મદદ કરે, એવો પ્રથમ સંકલ્પ કરવા દો. જો દેવાદાર એ પ્રમાણે કરવાની ઇચ્છા રાખે તો તેણે નીચે લખેલા ધારાનો પોતે અનુભવ કરવો.

૧. પોતાની કમાઈનો અને દેવાનો સંભાળથી અંદાજ રાખવો.—જેને નક્કી પગાર છે તે પ્રથમથીજ અંદાજ બરાબર જાણી શકેછે; પણ કેટલાકની કમાઇ જેવી કે ખેડુત, દુકાનદાર, ઇત્યાદિમાં ફેર પડે છે. આ પછાડીની ખરી સરાસરી લેવી, પણ કમાઈનો અડસટ્ટો ઉલટો સુલટો લેવો જોઈએ. કેટલાક આશાવાળા માણસો હોય છે. તેઓ જે પૈસો મેળવે છે તેના કરતાં વધારે મેળવવાની આશા રાખે છે, તેથી દર વર્ષે વધારે ને વધારે દેવામાં ઉમેરતા જાય છે.

દેવાનો ખરેખરો હિસાબ બનાવીને તૈયાર રાખવો જોઈએ. કેટલાક દેવાદારને આ વિષે મનમાં વિચાર સરખોએ આવતો નથી. તેઓ નાણું ઉધારે લે છે અને તેનાં બીલ ઘણે ઠેકાણેથી આવવા દેછે તથા તેની જવાબદારીની તેઓ દરકાર રાખતા નથી.

જો દેવાદાર ઘણા માગનારા હોય તો કોનું માગણું જલદીથી પતાવાય એવું છે ને કોણ વધારે દબાણ કરે છે તેનો વિચાર કરીને તેણે તેજ પહેલું પતાવવાનો ઉપાય કરવો જોઇએ. દેવાદારે બધી વાત પોતાના મનમાં રાખવી એ બસ નથી, પણ તેણે એક હિસાબની ચોપડી રાખી

તેમાં તારીખવાર લખી રાખવું, ત્યાર પછી તેણે જોવું જોઇએ કે, આવું કરવામાં વખત રોકયાથી કયો ફાયદો મળવાનો છે.

૨. તમારા મન સાથે એવો ઠરાવ કરો કે, જેથી તમારૂં ખરચ નિયમસર રાખવાને તમે શક્તિમાન થાઓ. એટલે દર મહીને તમારે ફક્ત દેવાનું વ્યાજ આપવું એમ નહિ પણ મુદ્દલમાંથી કંઇ પણ ભાગ ઓછો થાય એમ કરવું જોઇએ. આ બાબત ઉડાઉ અથવા વધારે છુટા હાથથી ખર્ચ કરનારને સખત શીકસ્ત મળે છે, તોપણ આજ ફક્ત ફતેહ પામવાનો રસ્તો છે. જો એવું કરવાનો યત્ન કરે તો તે પાર પડે છે. તેલંગી ભાષામાં એક ઉખાણો છે કે—"દેવું કરીને મિષ્ટાન્ન જમવાં તેના કરતાં દેવું ન હોય અને મીઠું નાંખેલી કાંજી પીવી પડે તો તે ઉત્તમ છે." ધારો કે એક માણસ રેલના પાણીમાં ડૂબી જવાની ધાસ્તીમાં હોય એટલામાં રેલનાં પાણી ઓછાં લઇ જાય તો તેને કેટલી બધી ખુશી અથવા આનંદ થશે ! તેમજ જે માણસ દેવામાં ડૂબે છે તે તેમાંથી મુક્ત થાય તો તેને તેવીજ ખુશી થાય.

જે માણસો સાધન વગર ગુજરાન ચલાવે છે તેમને આખરે કરકસર કરવીજ પડે છે. જો તેઓ નિયમિત વખતે મન મારવાનો યત્ન કરતાં શીખશે તો તેઓ ઘણી ઓછી પીડા ભોગવશે.

ફક્ત દેવાનું વ્યાજજ આપવું એ બસ નથી, કેમકે કેટલીક વાર મુદ્દલનું બરોબર વ્યાજ આપ્યા છતાં દેવું તો તેનું તેજ રહે છે. પણ વ્યાજ સાથે મુદ્દલ ઓછું થતું હોય તો ધીમે ધીમે દેવું પણ સાફ થઇ જાય.

ધારો કે એક માણસની દર માસે રૂપિયા ત્રીસ કમાઈ છે પણ તેને બસેં રૂપિયા દેવું છે. તેનું તે દર વર્ષે દર સેંકડે

બાર ટકા વ્યાજ આપે છે, અથવા મહીને બે રૂપિયા વ્યાજ ભરેછે. તે માણુસ પોતાના મન સાથે એવો ઠરાવ કરે કે હું રૂા. ૨૪) થી ગુજરાન ચલાવીશ અને ચાર રૂપિયા જુદા રાખી જ્યાં સુધી દેવું નાબુદ થાય ત્યાં સુધી એમજ કર્યા કરીશ તો આ બાબતનું દર મહીને વ્યાજ ગણી બતાવી યથાસ્થિત દર્શાવીએ તો ઘણું લાંબું થાય તેથી દર વર્ષનો વાર્ષિક અડસટ્ટો કરીએ, તો નીચે પ્રમાણે થાય છે.

	આપેલી રકમ		આપવાને
	વ્યાજ.	મુદલ.	બાકી રહેલી રકમ,
પહેલા વર્ષની શરૂઆતમાં	૦	૦	રૂ ૨૦૦
પહેલા વર્ષને અંતે...	રૂ ૨૪	રૂ ૨૪	રૂ ૧૭૬
બીજું ,, ,,	રૂ ૨૧	રૂ ૨૭	રૂ ૧૪૯
ત્રીજું ,, ,,	રૂ ૧૮	રૂ ૩૦	રૂ ૧૧૯
ચોથું ,, ,,	રૂ ૧૪	રૂ ૩૪	રૂ ૮૫
પાંચમું ,, ,,	રૂ ૧૦	રૂ ૩૮	રૂ ૪૭
છટ્ઠું ,, ,,	રૂ ૫	રૂ ૪૩	રૂ ૪
	કુલ રૂા. ૯૨	રૂા. ૧૯૬	

આ ઉપરથી માલમ પડશે કે, છટ્ઠા વર્ષમાં સઘળું દેવું પતી જશે અને વ્યાજ રૂા. ૯૨) આપવું પડેલું છે. જો કરજદાર ફક્ત વ્યાજજ ભરતો હોય તો છ વર્ષમાં ૧૪૪ રૂપિઆ વ્યાજ થાય, તે જતાં પણ દેવું તો તેનું તેજ ઉભું રહે તેટલા માટે મુદ્દલ જેમ બને તેમ ઓછું કરવું એ અતિ અવશ્યનું છે. જો તે મુદ્દલમાં ૭ રૂપિયા આપવા ધારે તો ચાર વર્ષની અંદર તમામ દેવું પતી જાય અને વ્યાજના ફક્ત ૫૮ રૂપિયાજ આપવા પડે.

૩. જો બની શકે તો દેવું કરવામાં તમારૂં ઘરેણું ગીરો મૂકો છો ને વ્યાજ આપવું ઠરાવી રૂપિયા લોછો તે કરતાં તે વેચી નાંખો તો ઘણોજ ફાયદો થાય.—માણસો બાઈડીઓને અજ્ઞાન રાખે છે તેથી તેમને ઘણી પીડા ભોગવવી પડેછે. ઘરેણું એ તેમની ઇચ્છાઓનો મોટો હેતુ છે. આપણી સ્ત્રી તેની પોતાની બેન જે શ્રીમંતની સાથે પરણી હોય તેને જેટલાં ઘરેણાં હોય તેટલાં મળ્યા સિવાય સંતોષ પામતી નથી.

આપણે ઉપર બતાવ્યું છે કે, કેટલાક કરોડ રૂપિયા ઘરેણામાં દરવર્ષે રોકવામાં આવે છે. અજ્ઞાન સ્ત્રીઓ ઘરેણું વેચવાની સંમતિ આપવાને પોતાનું લોહી આપવાની બરાબર ગણે છે; એટલે જીવ જાય પણ ઘરેણું આપતી નથી. પણ જો આવી રીતે મૂર્ખાઇથી ઘરેણાંનો અવેજ રાખી દેવું કરેછે તેના કરતાં દેવાથી ચોખ્ખા થવાય તો સહીસલામત રહી શકાય એવી જ્યારે તેમને તેમના ધણી તરફથી સમજણ પાડી બતાવવામાં આવે, ત્યારે તેમાંથી કેટલીક સમજણી સ્ત્રીઓ એ ઘરેણાનો ભોગ આપવાને તેમના ધણી સાથે મળતી થાય છે. સર્વ બનાવોમાં ધણીએ પ્રયત્ન કરવો જોઇએ. આવી રીતે ગમે તે પ્રકારે અર્ધા વખતમાં દેવું સફાઇબંધ થઇ જાય.

ધણિયાણી હમેશાં તેના ધણીના કામકાજની ખરી હકીકત જાણે છે તેથી તેની સલાહ ઉપયોગી હોય છે અને તે ખરચ વ્યવસ્થા પૂર્વક નિયમસર રાખે છે. સ્ત્રીને ઘરનો પ્રધાન કહે છે તે યોગ્યજ છે અને તેના આધાર ઉપરજ ઘર સંસાર ચાલે છે.

૪. તમારી કમાણી ઉત્તમ રીતે કેમ ખરચવી તેનો વિચાર કરો.—દરેક નિયમસર ચાલનારા રાજ્યમાં ખરચના

અડસટ્ટાનો હિસાબ રાખવામાં આવે છે. એમાં વર્ષદિવસની કમાણીનો ને ખરચનો અડસટ્ટે આંકડો મેલેલો હોય છે, અને દરેક ખાતામાં અડસટ્ટાનો મુકરર આંકડો રાખેલો હોય છે, તે ઉપરથી કેટલું મળ્યું તે જણાય છે. જેમકે કેળવણી ખાતામાં આટલા રૂપિયા રેવન્યુ ખાતામાં આટલા રૂપિયા, પોલીસ ખાતામાં આટલા રૂપિયા, ઇત્યાદિ. આ માર્ગથી જણાઇ આવે છે કે, ઉપજ જેથી ફાયદો થાય તેમાં જ વપરાઇ છે. દરેક કુટુંબે પોતાનું બજેટ એટલે ઉપજ ખરચનો અડસટ્ટો આ પ્રમાણે કરી રાખવો જોઇએ; અને તેનાં મુખ્ય ખાતાં, ઘર ભાડું, કર, ખોરાક ને સરસામાન જે ઘરના કામમાં આવેછે તે લુગડાં, છોકરાંને કેળવણી આપવાનું, ધર્મ કરવાનું, પરચુરણ ખરચ, ફાજલ ખાતું એમ અંદાજનો આંકડો મન સાથે નક્કી કરીને રાખવા જોઇએ; અને તેની દરેક રકમ પણ ઉપજ ઉપર આધાર રાખી મુકરર કરી રાખવી જોઇએ. દરેક ખાતું સંભાળથી વિચાર કરીનેજ રાખવું અને તેનો આંકડો પણ વિચાર પૂર્વકજ રાખવો. છેલ્લી બે બાબતો અથવા ખાતાંવિષેની થોડીક હકીકતનો ખુલાસો કરવાની જરૂર છે.

પરચુરણ ખાતું:—દરમહીને નહિ ધારેલું એવું થોડું ખરચ હોય છે. જેમકે કોઈ મેમાન આવે ત્યારે તેની પરોણા ચાકરીમાં ધાર્યા કરતાં વધારે ખરચ થાય. દીવો કરવાનું ફાનસ ભાગી ગયું હોય તે નવું લાવવું હોય કે દુરસ્ત કરાવવું હોય ઇત્યાદિ. આ બાબતના ખાતામાં કેટલું ખરચ થાય તેને વાસ્તે પ્રથમજ નક્કી કરી રાખવું જોઇએ. જે ખરચ થાય તેના ઉપર બારીક સંભાળ રાખવી જોઇએ. જો એમ નજર ન રખાય તો તે વધી જાય. દરેક રકમ ગણીએ તો નાની હોય છે પણ તેનો સરવાળો મોટો થાય છે.

એ વિષે કહેવાય છે કે—જો પાઇ પાઇની સંભાળ રાખીએ તો એક રૂપિયો પોતાની મેળે બચી શકે.

ફાજલ ખાતું.—દૂર અંદેશી અને ટુંકી નજરના એટલે આગળથી લક્ષપૂર્વક અવલોકન કરનાર અને ઉતાવળ કરી ઉપર ઉપર જોનારમાં તફાવત એ છે કે, પહેલો જે ઓ-ચિંતું ખરચ આવી પડે તેને વાસ્તે પ્રથમજ વિચાર કરી તૈયારી કરી મૂકે છે, બીજો તેમ કરતો નથી; પહેલો એ બાબતને માટે દરમહીને પાંચ રૂપિયા રાખી મૂકે છે ને બીજો તેને વાસ્તે કંઈ રાખતો નથી, તેથી કરીને કોઈ આવે તો દરમહીને પાંચ રૂપિયા જતાં બીજા દર-માસે રૂ. ૫) વ્યાજના વધારે આપવા પડે છે, એથી તેમને પોતાને બમણું નુકસાન થાય છે.

જે માણસને દેવું હોય તેની પહેલી ફરજ એ છે કે, તે અદા કરવું. જો તે જલદીથી ફીટી જાય તો બાજા કામમાં ખરચવાને શક્તિમાન થવાય, ત્યારેજ ફાજલખાતું શરૂ કરવું. આ બાબત ઉપજનું પ્રમાણ, આજુબાજુની હકીકત અને સ્થિતિ ઉપર આધાર રાખે છે. એક જુવાન માણસ જેને એક અથવા બે છોકરાં હોય તેણે પોતાની કમાણીનો ૩(ત્રી-જો ભાગ) તેના કુટુંબને કેળવણી આપવાને રાખવો જોઇએ, અને પોતાના મંદવાડ તથા વૃદ્ધાવસ્થાને માટે પણ કાંઇક રાખવું જોઇએ. જ્યારે કુટુંબનું ખરચ ઘણુંજ ભારે હોય ત્યારે તેનું પ્રમાણ ઓછું કરવું જોઈએ, તોપણ ખરચ પોતાની કમાણી કરતાં વધારે કરવું નજ જોઈએ.

ફાલતું અથવા ફાજલખાતું—નાણું સેવિંગ્સ બેંકમાં વધારે સહીસલામત રહે છે. તેના ફાયદા અને ધારા જુદા-જ મથાળા નીચે ખુલાસાવાર આપવામાં આવ્યા છે.

૫. નાણાની આવક જાવકનો હિસાબ રાખો એટલે નામું લખવાનો રિવાજ પડશે—લોક કહેછે કે, માણસ પોતાની પાસે પોતાના ખરચખુંટણની વ્યવસ્થા નિયમિત રીતે ચાલવાને હિસાબ રાખવા માટે નામું લખવારૂપી કંપાસ નજર આગળ રાખે છે, એના જેવું પોતાની નાણા સંબંધી સ્થિતિ માપવાનું બીજું સાધન નથી. દરરોજ તમે શું ખરચ કર્યું તે લખો. કેટલાક વખત નથી મળતો માટે છુટ માગે છે ,પણ એ તેમની ભૂલછે. થોડા માણસ ઘણી મહેનત કરે છે અથવા પોતાની ઉપજ ઉપર લક્ષ રાખે છે તેથી તેઓ ઘધારે એકઠું કરે છે, અને તેમને ક્ષણની પણ નવરાશ મળતી નથી છતાં કેટલાક નિયમિત માણસો મોટી વયે પણ બરાબર નામું રાખી શકે છે. જયોર્જ વાશિંગ્ટન યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રમુખ હતો, તોપણ તે પોતાના ઘર ખરચનો હિસાબ બારીકીથી તપાસતો હતો. ડયુક ઓફ વેલિંગ્ટન પોતાની આવક જાવકનો બરોબર હિસાબ રાખતો (નામું લખતો). દેવા વિષે વાત કરતાં એ કહેતો હતો કે, 'દેવું માણસને ચાકર નહિ પણ ગુલામ કરે છે.' ડહાયા અને હિસાબ રાખનારા માણસો પૈસાની તંગીમાં ઘણી વાર આવી ગયા છતાં પણ કોઈ દિવસ કરજદાર થતા નથી.

ઘણા ગરીબ માણસો એવું ધારે છે કે, તેમને પોતાની કમાઈ અને ખરચનો બરાબર હિસાબ રાખવાની કંઈ પણ જરૂર નથી. આ એમની મોટામાં મોટી ભૂલ છે.

ગરીબ માણસે તો પોતાને જે મળે તેની બહુજ સંભાળ રાખવી જોઇએ. મહીનાના ખરચની દરેક રકમમાં અને ખરચ તથા ઉપજની રકમમાં વિગતવાર મતલબ લખવી જોઇએ કે જેથી કયું ખરચ ડહાપણ ભરેલી રીતે

ઓછું થાય એમ છે અને ક્યાં વધારે થયું છે તે જણાઈ આવે. મુખવાસ અથવા પાન સોપારીનું ખરચ જોઈએ તેના કરતાં વધારે થયું છે એમ માલમ પડે ત્યારે સવાલ પુછાયજ કે, એ વધારે ખરચ શેમાં થયું છે? આથી નિરાકરણ એ થાય કે, તે બીજા મહીનામાં વધે નહિ.

૬. જે કંઇ વેચાતું લેવું તે રોકડેથીજ લેવું—ઉધારે વસ્તુ લેવાની ટેવથી ઘણા નબળા મનનાં મનુષ્યો જે વસ્તુ હાલ જરૂરની ન હોય તે પણ હાલ રોકડું નાણું આપવાનું નથી એવી લાલચને લીધે વેચાતી લેછે; અને તેથી છેવટે તેઓ ખરાબખસ્ત થઈ જાય છે. જ્યારે માણસને ખરીદેલી વસ્તુના પૈસા તરતજ આપવા પડે છે, ત્યારે તે ખરીદવાની જરૂર છે કે નહિ તેનો બેવાર વિચાર થાય છે. તેના બીજા પણ ફાયદા છે. જો તમે દુકાનદારની પાસેથી ઉધારે લો તો તમારે તેની પાસે જઈ તે જે પસંદ કરીને આપે તે લેવાની જરૂર પડે છે; પણ રોકડેથી લેવા જાઓ તો સામાન જ્યાંથી સસ્તો ને સારો મળે તે લઈ શકાય છે, અને તે સિવાય તેમને રોકડા પૈસા આપો તેથી આશરે સેંકડે ૧૦ ટકા જેટલો વટાવ રોકડા પૈસા પર તે કાપી આપે છે.

૭. જે સામાન લો તેની કિંમતનો તથા તેનો પોતાનો વિચાર કરજો.—જો એક ધોતીજોડો ૭ રૂપિયાની કિંમતનો ને દોઢ વર્ષ સુધી ફાટે નહિ એવો હોય તો તે ધોતીજોડો ૪ રૂપિયાની કિંમતનો હોય ને ૮ માસ ચાલી શકે એવો હોય તેના કરતાં સારો છે. જે ઘરમાં સારી હવાને અનુકૂળતા ન હોય એવા હલકા ભાડાના મકાન કરતાં હવાવાળું ને અનુકૂળતાવાળું વધારે ભાડાનું હોય પણ તે મકાન વધારે સારૂં છે.

૮. હરાજીમાં હાજર રહેવાનું તથા દુકાનોમાં રખડવાનું બંધ કરો.—જ્યારે માણસો વેપારીની દુકાને જાય છે ત્યારે તેને જરૂર નથી હોતી એવો માલ પણ ખરીદ કરવાનું મન થાય છે, કારણ કે તે ધારે છે કે એમાં નફો છે. દુકાનોમાં નહિ જરૂરની એવી વસ્તુઓ મેલેલી વારંવાર આપણા જોવામાં આવે છે. તેમાંની કોઈપણ વસ્તુ લેવાની લાલચ થાય ત્યારે તમે તમારા મન સાથે એમ કેમ વિચાર કરતા નથી કે આ હું લઇ શકીશ ? તેના વગર મારે ચાલશે કે નહિ? જ્યારે **સાક્રેટીસે** ઘણો સારો સરસામાન તથા બીજો કિમતી અસબાબ **આન્થેન્સમાં** જોયો ત્યારે તેણે કહ્યું કે, હાલમાં હું ઘણી વસ્તુઓ જોઉ છું. તે લેવાની હું ઇચ્છા રાખતો નથી. આ કહેવત તમારા ધ્યાનમાં રાખો કે જેઓ જરૂર નથી તેવી વસ્તુઓ ખરીદ કરેછે અને જેની જરૂર છે તે ખરીદ કરી શકતા નથી એવો મનુષ્યનો સ્વભાવ છે. સો રૂપિયાની જણસ આપણે કામની નથી તે એક રૂપિયે મળે તોપણ તે લેવીજ નહિ એવી પ્રતિજ્ઞા રાખવી.

૯. માદક પ્રવાહી પદાર્થો પીવામાં તથા ગાંજો ને તમાકુ પીવામાં પૈસા ખરચવા નહિ.—પ્રાચીન ગ્રીક લોકોની કહેવત છે કે—"પાણી ઉત્તમ છે" સેંકડો વર્ષ થયાં ભારતવાસી હલકી જાત કરતાં ઉંચી જાતના લોકો વ્યસન વગરના હતા. કમનસીબથી હાલમાં માદક પદાર્થ પીવાનો અથવા છાકટા થવાનો કેળવણી પામેલાઓમાં વધારો થતો જણાય છે, તેથી કેટલાક લોકો જુવાનીમાં સ્વર્ગવાસ કરે છે, અને તેમનું કુટુંબ પાયમાલ થઈ જાય છે. હિંદુ લોકોએ તેમના બાપદાદાના ડહાપણ ભરેલા આ બાબતના દાખલાને ચુસ્ત રીતે વળગી રહેવું જોઇએ છીએ.

તમાકુ એ માદક પદાર્થના જેટલી નુકસાનકારક નથી અને થોડાક બનાવોમાં તે ફાયદાકારક ગણાતી હશે તોપણ ઓૈષધ તરીકે જરૂરની હોય તેના કરતાં એનો વધારે ઉપયોગ કરવો જોઇએ નહિ. આજથી આશરે ૩૦૦ વર્ષ પહેલાં આ દેશમાં એને કોઇ ઓળખતું પણ નહતું. એ થોડી પણ પીવામાં આવે છે તો જુવાન માણસોને નુકસાન કરે છે. તેનો સ્વાદ લેવાનો પણ યત્ન કરવો નહિ. તમાકુના સંબંધી કહેવત છે કે "ખાય તેનો ખુણો, પીએ તેનું ઘર, અને સુંઘે તેનાં લુગડાં એ ત્રણે બરાબર."

અફીણ એ કેટલેક દરજ્જે દારૂના કરતાં ઘણું ખરાબ વ્યસન છે. તેનો કોઈ પણ રીતે ઉપયોગ કરવો ન જોઇએ.

ગાંજો ને ભાંગ પણ એવાંજ માદક છે અને તે પણ શરીરને નુકસાન કર્તા છે એટલુંજ નહિ, પણ માણસના ધંધાને હીણપત આપે છે, માટે ધર્મને બહાને કે હરકોઇ પ્રસંગમાં તેનાથી દૂરજ રહેવું.

૧૦. જામીનગીરીથી દૂર રહેવું—આ બાબત કેટલીક ટીકાઓ અગાઉ થયેલી છે. ખસુસ કરીને સંભાળ રાખવાની જરૂર એ છે કે, જે માણસ આ બાબતમાં તમારી મહેરબાની માગે તે માણસ તમારા ખરેખરા ઓળખાણનો હોય, તે વાયદાનો વેપાર કરતો ન હોય તથા પ્રમાણિક અને દેવા રહિત હોય તોજ તેના બેલી થજો. સોલોમને કહ્યું છે કે—"અજાણ્યા મનુષ્યનો જે જામીન થાય છે તેને ઘણો ખેદ થાય છે." માટે જામીનગીરીને જે ધિક્કારે છે તેજ બચી શકે છે.

૧૧. ના કહેવાનું શીખો.—સ્માઇલ્સ કહે છે કે—"માણસને સલાહ સંપ અને સારી રીતે રહેવાને વાસ્તે

ખરે વખતે વાજબી રીતે ના કહેવાને શક્તિમાન થવું એ ઘણુંજ જરૂરનું છે.” આ રીતે ન વર્તવાથી ઘણાખરા લોક પાયમાલ થઈ જાય છે, કેમકે તેઓ ના કહી શકતા નથી. જ્યારે કોઈ વસ્તુ લેવાની તમારી મરજી થાય પણ તે લેવાને તમારી પાસે સાધન ન હોય ત્યારે તે ન જ લેવી. જો તમે તમારૂં દેવું વાળવાને ઇચ્છતા હો ને એક મહીનાનો હપતો આપવો નહિ એવા વિચાર આવતા હોય તો કહો કે ના. તમારી સ્ત્રી તથા છોકરાં લુગડાં અને બીજી વસ્તુઓવિષે તમારી પાસે માગણી કરતાં હોય ને તમારી લાવી આપવાની સત્તા ન હોય તો કહો કે ના. જો તમારી પાસેના પૈસા કોઈ ઉડાવી મૂકવાનું કહે તો તેને પણ ના પાડવી. જ્યારે દુર્ગુણ અથવા કોઇ પણ જાતનો લોભ કરવામાં તમે પડો ત્યારે હિંમતથી કહો કે ના. કોઇ પણ લાલચ, આળસ, મોજશોખ, બેવકુફાઈ, કે નઠારી રસમમાં પૈસો ખરચવાનું મન થાય ત્યારે તેને એકદમ જવાબ દો કે ના. એજ ફક્ત લાલચ મટાડવાનો ખરો રસ્તો છે. પહેલી વખતે પ્રયત્ન કરીએ છીએ ત્યારે ઢચુપચું થાયછે, પણ જ્યારે તેનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તે મજબુતીમાં આવી સુદૃઢ થાય છે.

હિંદુસ્તાનમાં ઘણા ખરા સાચા માણસો પૈસા ખુએ છે તથા દેવાદાર થાયછે, કારણ કે તે માણસોમાં ના કહેવાની હિંમત હોતી નથી. સ્વતંત્રતા ને હિંમતની સૌને જરૂર છે. તે ફક્ત પૈસા બચાવવા વાસ્તે નહિ પણ ઘણાં સારાં પરિણામ અથવા કૃત્યો જે આપણી આસપાસ થાય છે તેથીજ થાય છે.

લોકો ફરિયાદ કરેછે કે આપણો દેશ દિવસે દિવસે નિર્ધન થતો જાય છે. આને માટે જેમ સરકાર ઉપર કેટલાક અંશે દોષ મેલાય છે તેમ તેજ થવાનું આ પણ એક મોટું કારણ

છે કે વધારેમાં વધારે ખરચ થાય એવી કેટલીક જે અં-ગ્રેજ લોકની રીતિ છે તે આપણામાં દાખલ કરી તે પ્રમાણે વરતે છે તથા તે ચાલ દૃઢ કરવાને પ્રયત્ન કરે છે. જેમકે તેમની પેઠે ખાવું પીવું તથા વર્તવું. આ રીત કદાપિ લાભ-કારી હશે પણ આપણને તો એ ખરેખર હાનિકારકજ છે.

જે રીતે તેઓ ચાલે છે તે તેમના બાપદાદાની ચાલતી આવેલી પૈસા સંબંધી સ્થિતિની રીતિથી ઘણીજ જુદી ભભકા બતાવનારી અને ખરચાળ છે.

૧૨. તમે ઉપયોગી થાઓ—આ વાસ્તવિક ફતેહને હાથમાં લેવી જોઇએ. સોલોમન કહે છે કે "ઉદ્યોગી હાથ તાલેવંત બનાવે છે." ઉંઘને ચહાશો નહિ કેમકે તે તમને દીન દશામાં નાખશે. ઉદ્યોગને સારી રીતે દોરી જવો જો-ઇએ. નિયમિતપણું, વખતની બરાબર ગોઠવણ તથા મહેનત એ ઘણાં જરૂરનાં છે. મંડ્યા રહેવું એ પણ જરૂરનું છે. ઉદ્યોગને ઉત્તેજને જોઇએ એટલું નથી. બ્લાકીશ કહે છે કે "આળસની સામે થવું એ ઉત્તમ છે." માટે જિંદગીની જરૂરિયાતવિષેનાં મૂળતત્ત્વ ખસુસ કરીને મનમાં ઉતારવાં જોઇએ, જ્યારે જ્યારે માણસ દુનિયાંવિષે બોલે છે ત્યારે ત્યારે તેણે એમ જાણવું જોઇએ કે હલકી બાબતોવિષેની એ જગા નથી પણ શુભ કૃત્ય અને જરૂરની ફરજો બજાવવાની જગા છે. આળસ તો માણસને પાયમાલ કરવાને અને નિરંતર સુખનો નાશ કરવાનેજ દોરી જાય છે.

૧૩. પરમેશ્વરની મદદ માગવી.—નીતિના ફેરફારમાં અસરકારક સુધારો થવો જરૂરનો છે. દેવાનાં પાપ ખરેખરાં લાગે છે. જો કે ઘણા ઉડાઉ તેમના દેવાનો બોજો ઉતાર-વાને યત્ન કરે છે તોપણ ઘણી ત્વરાથી તે બોજો તેમના

ઉપર પાછો બમણો લાવતા જાય છે. વાવણીના એક જાતના ઓજારની માફક દેવાનો બોજો ગડબડ્યા કરે છે, આવાં માણસને પૈસા ધીરવા એ ગુમાવવા જેવું છે, જો કે માગનારા જલદીથી નાણું લેવાની સખત ઉઘરાણી કરે છે તોપણ ફરીથી તેમની પાસેથી દેવાદાર ઉધારે લેવા જાય છે.

આ દુર્ગુણ દૂર કરવાને એકલી કેળવણીજ બસ નથી, કેમકે કેટલાક સર્વ વિદ્યોત્તેજકાલયના મોટા ખિતાબ પામેલા અજ્ઞાન ખેડુત વર્ગ કરતાં પણ વધારે પૈસા નકામા નાખી દે છે અને ઉડાવેછે. જ્ઞાનશક્તિનું ખેડાણ એ નીતિવાન ચાલ ઉપર થોડી ઘણી અસર કરેછે.

લલચાવવાના પ્રતિકૂળ સ્વભાવને વશ થઈ તમારી પોતાની શક્તિ ઉપર તમે અવિશ્વાસ રાખો છો, માટે પ્રતિદિન તમારા પરમ પ્રભુ પરમાત્માને કહો કે, 'હે પ્રભુ! તું મને ઉપર પકડી લે કે હું સહીસલામત રહું,' આ પવિત્ર કબુલાત કરતી વખતે થયેલી તમામ બાબતની ખરાબ વર્તણુંકને હમેશાં યાદ કરવીજ જોઇએ, કે જેથી ફરીથી તેવી વર્તણુંકથી વર્તવામાં આવે નહિ. ઉપરની સમજુતીઓ આપી છે તે ધ્યાનમાં રાખ્યાથી તથા હમેશાં ઈશ્વરની પ્રાર્થના કરવાથી અને ટુંકે ખરચે રહી થોડે થોડે દેવું પતાવવા જતાં માણસ સુખી થાય છે.

સ્પષ્ટીકરણ માટે ઉદાહરણો.

મોટા માણસો દેવાથી કેવા ને કેવી રીતે સંકટમાં આવ્યા છે તે જુઓઃ—સર વોલ્ટર સ્કોટની જિંદગાનીમાં મનને ઘણી લાગણી થાય એવી વાર્તા જે રીતિ તેણે ચલાવી હતી તેથી જણાય છે. તે કોન્સ્ટેબલ એન્ડ કો. સોલીસીટરની

પેઢીમાં ભાગિયો હતો, તેમાં નાઉમેદ થવાથી તેને માથે મોટું સંકટ આવ્યું હતું, તેથી તે ઉંડી ગુંચવણમાં આવી ગયો હતો. તેણે આબોટ્સફોર્ડમાં ભવ્ય મકાન બાંધ્યું હતું અને તેની આસપાસની જમીનનો તેજ માલીક થયો હતો. તે તે પ્રાંતનો શેરીફ પણ હતો, અને ધારતો હતો કે તે ખરેખરો તાલેવંત મનુષ્ય છે. જ્યારે એકાએક કોન્સ્ટેબલ એન્ડ કો. ની પેઢી ભાગી અને તે ૧૦,૦૦,૦૦૦ પૌંડથી વધારેના દેવાના ખાડામાં આવી પડયો, ત્યારે તેણે પોતાનો મિત્ર જે તેના ઉપર સદ્‌ભાવ રાખતો હતો તેને કહ્યું કે, આ ઘણું કઠણ છે. તેણે પોતાની જિંદગી પર્યંતની મહેનત દેવામાંજ ગુમાવી અને અંતે તે ગરીબ માણસ થઈ ગયો, તોપણ તે હિમ્મતથી પોતાના મિત્રને કહેતો હતો કે, પરમેશ્વર મારી તંદુરસ્તી રાખશે અને શરીર તથા મનની મજબુતી થોડાં વર્ષ સુધી આપશે તો હું મારૂં તમામ દેવું પતાવીશ એમાં શક નથી. સર્વ માણસો મનમાં વિચારતાં હતાં કે એ પાયમાલ થઈ ગયોછે અને તેના મનમાં પણ એજ પ્રમાણે આવ્યું હતું, તોપણ તેણે હિમ્મત મૂકી નહતી. જ્યારે તેના માગનારાઓએ દેવાનો કંઇક ભાગ આપવાથી તમામ દેવા ઉપરથી પોતાનો હાથ ઉઠાવવાની દરખાસ્ત કરી, ત્યારે તેણે પ્રમાણિકપણાની નિશાનીથી લગાર પણ છૂટ મૂકવાની મંજુરી આપી નહિ. તેણે કહ્યું કે, ગૃહસ્થો છૂટ મૂકવાની મારી બીલકુલ ઇચ્છા નથી. વખત અને હું કોઈ પણ વેળા સામે છીએ. જો કે તે દેવું બીજા તેના ભાગિયાઓએ કરેલું હતું તોપણ તે પોતાની મેળે તેને સારૂં કાયદાસર જવાબદાર થયો. અંતે તેના દૃઢ વિચારની મજબુતીથી તેણે ઠરાવ્યું કે જો તેને એક પેની મળે તો તેમાંથી તેણે ઓછામાં ઓછો ફાર્દિંગ તો કરજમાં

આપવોજ. તેણે પોતાના શહેરનું ઘર અને વસ્ત્રાલંકારાદિ સરસામાન વેચી નાંખ્યાં અને પોતાના માગનારાને વિશ્વાસ આપવાને તેના ઉપજેલા તમામ પૈસા આપ્યા, તથા દર વર્ષે અમુક રકમ આપવાનો દસ્તાવેજ પણ લખી આપ્યો. આ પ્રમાણે દેવાનો ફડચો કાઢયા પછી તેણે ગ્રંથકારનું મહાભારત નવું કામ મોટા પાયા ઉપર કરવા માંડયું.

બે વર્ષમાં સ્કૉટ સાહેબે તેના માગનારાને સારૂ ૪૦,૦૦૦ પૌંડ મેળવ્યા. વુડસ્કૉટ નામના તેના બનાવેલા (નવલકથા) નોવેલમાંનું એક નોવેલ ત્રણ માસ કરતાં ઓછી મુદતમાં તેણે લખી કાઢયું, અને તે ૮,૨૨૮ પૌંડે વેચ્યું. તેનું બનાવેલું નેપોલિયન બોનાપાર્ટનું જીવનચરિત્ર નવ ગ્રંથોમાં લખાયું છે, જેમાં તેણે ઘણીજ મહેનત લીધી હતી, તેની કિંમત ૧૮,૦૦૦ પૌંડ ઉપજી. જો કે તેને અર્ધાંગવાયુ થયો હતો તોપણ તે પીડામાં ચાર વર્ષ સુધી તેણે લખ્યાંજ કર્યું. આ પ્રમાણે તેણે પોતાના દેવાના રૂ અદા કર્યા હતા, જેને વાસ્તે તે બીલકુલ જવાબદાર ન હતો. અક્ષરોના ઇતિહાસ સંબંધીનું કામ ખરેખરૂં અનુપમ હતું તે કરવામાં પણ તે પાર પડયો હતો.

તેની જિંદગીનાં છેલ્લાં થોડાં વર્ષમાં તેણે જે સોસ્યું અને પ્રયત્ન કર્યો તે ઘણો ચમત્કારિક છે. જો કે તેને પક્ષાઘાત થયો હતો અને પરાણે પોતાની લેખણ પકડી શકતો હતો, તોપણ સ્કૉટ ખરેખરો બહાદુર—તેજસ્વી દીવો દેખાતો હતો, અને પોતાનો મૂળનો એવો અને એવો જુસ્સો તેણે અંત સુધી જારી રાખ્યો હતો. જ્યારે તેના ઘરનો વૈદ મગજને વધારે કસરત આપ્યાથી અથવા ગજા ઉપરાંત મગજનું કામ કરવાથી આ રોગ થયો છે માટે એવું કામ બંધ કર-

વાનું ફરમાવ્યું, ત્યારે તેણે ઉત્તર આપ્યો કે જો હું આળસ કરીશ તો ઘેલો થઇ જઇશ. તેના ગુસ્સાને કોઇથી પણ જિતાયો નહિ, પરંતુ તેના શરીરની શક્તિ ક્ષીણ થતાં ગુસ્સામાં ને ગુસ્સામાં તે મરણ પામ્યો. તેને છેલ્લો પ્રાણ-ઘાતક હુમલો થયાની થોડી વાર પહેલાં તે પોતાના આબો-ટ્સફોર્ડ નામના ઘરની અગાડી ઘાસ ઉપર ખુરસી નાંખી તે ઉપર ઝુમતો હતો. તે વખત તે એકાએક ઉભો થયો, પણ તરતજ તે ખુરસીના ઓછાડ ઉપર પડયો અને આંખમાં આંસુ આણી બોલ્યો કે, આ આળસની દીલગીરી છે. મને મારી પોતાની કોટડીમાં લઇ જાઓ અને મારા ટેબલના ખાનાની કુંચી શોધી લાવો. તેની મરજી પોતાનો ગ્રંથકારનો ધંધો કરવાની હતી અને કલમ તથા ખડિયો એના મોં આગળ મેલ્યાં, પણ તેનાથી લેખણ સરખીએ પકડાઈ નહિ, ને તે લખી શકયો નહિ, તથા તેના બેસી ગયેલા ગાલ ઉપર આંખમાંથી આંસુ પડયાં. રોગ તેના ગુસ્સાને જીતી શકયો ન હતો, પણ તેણે તેના શરીરની શક્તિ ઓછી કરી હતી. આ બીના **સ્મૈલ્સ** કૃત થીફ્ટમાં (from thift by Smiles) છે.

સ્કોટ સાહેબના છેલ્લા શબ્દો યાદ રાખવા યોગ્ય છે. **લોક-હાર્ટ**નું કહેવું એવું છે કે, તેણે તેના જમાઇને અંતકાળે કહ્યું કે–મારા વહાલા ! મારે તમારી સાથે એક મિનિટ વાત કરવાની છે. તે એ કે, તમે સારા માણસ, સદ્ગુણી ને ધાર્મિક થાઓ. જ્યારે તમે અહિં બેઠાછો ત્યારે કંઇ પણ સુખ થાય એવું જે આજે હું કહુંછું તે સિવાય બીજું તમને કંઈ પણ આપવાનું મારી પાસે નથી, પરંતુ તમારા બધાનું પરમેશ્વર કલ્યાણ કરો. આ પછી તે તરતજ હમેશની નિદ્રામાં સુતો અને સર્વ છોકરાંના દેખતાં તેણે છેલ્લો શ્વાસ મૂકયો.

ડાકટર જોન્સનના દેવા વિષે—સેમ્યુઅલ જોન્સન ઘણો ગરીબ માણસ હતો, તેમજ ઘણો બહાદુર પણ હતો. તે નાનપણમાં ગરીબ દશા તથા દેવામાં પડેલો હતો અને તે બંનેને કાઢી નાખી ચોખો થવાને ઇચ્છતો હતો. જ્યારે તે પાઠશાળામાં ભણવા જતો ત્યારે તેના પગની આંગળીઓ બૂટની બહાર નીકળતી હતી, તોપણ તે વેચાતી નવા લેવાને ઘણોજ ગરીબ હાલતને લીધે શક્તિમાન થતો નહિ. તેનું માથું જ્ઞાનના ભંડારથી ભરેલું હતું પણ તેનું ગજવું તદ્દન ખાલી હતું. લંડનમાં પહેલા વર્ષમાં તેને અડચણ અને કષ્ટ કેવાં ભોગવવાં પડયાં તે વાંચનારને તેના જીવનચરિત્ર ઉપરથી જાણવામાં આવશે. તે રહેવાનું અને ખાવા વગેરેનું ખરચ સાડાચાર પેન્સમાં એટલે દરરોજના ત્રણ આનામાં પરાકાષ્ટાએ ચલાવતો હતો. જ્યારે બિછાનાને વાસ્તે પૈસા આપવાને ગરીબ દશાને લીધે તે અશક્ત થતો ત્યારે તે તેના સોબતીઓને લઇને કોઇ કોઇવાર આખી રાત શેરીઓમાં ભટકતો હતો. તેને સ્વચ્છ લુગડાં અઠવાડિયામાં એકજવાર મળતાં હતાં. તે મળતાં તેજ દિવસ તે લોકોની મુલાકાતને વાસ્તે રાખતો, અને ઘર બહાર બીજાની મુલાકાતે પણ ત્યારેજ જતો. ઘણી વખત તે ઉપવાસ પણ કરતો. તેનાં દુઃખ માણસને જેટલાં પડે છે એટલાં તમામ હતાં. તે પોતાની ઇચ્છાનો આધાર નસીબ ઉપર કદી રાખતો નહતો. પણ ઉત્તમ સ્થિતિએ ચઢવાને તે યત્ન કરતો હતો. તેથી તેની જિંદગીનાં પાછલાં વર્ષો સુખચેનમાં ગયાં હતાં. મુખ્યત્વે કરીને સ્મૈલ્સકૃત થીફ્ટમાં કહ્યું છે કે, "તેના પોતાના દુઃખના અનુભવ પરથી કોઇ પણ માણસ ડાકટર જોન્સનના દેવાના વિષય વિષે મોટામાં મોટો પુરાવો આ સિવાય બીજો કોઇપણ આપી

શકવાનો તથા કહી શકવાનો નથી." તેણે પોતાના મિત્રને નીચે મુજબ લખ્યું હતું:—

"તમે પોતાની મેળે દેવું કરવાના વિચારનીરીતિ ફક્ત અવ્યવસ્થાને માટે સમજશો નહિ, તમને તેથી દુઃખ ખમવું પડશે. દરિદ્રતા સારૂં કરવાનાં અને પેદાશનાં એટલાં બધાં સાધન લઈ લેછે, અને એટલી બધી પ્રતિકૂળ ને એટલી બધી આસક્તિ કરેછે કે કુદરતી વૃત્તિને સદ્ગુણને બદલે પાપ કરાવે છે. તેથી સઘળાં સદ્ગુણી સાધનો તેનાથી દૂર રહે છે; માટે તમારે પહેલી સંભાળ એ રાખવી કે કોઇનું એક પાઈ પણ દેવું કરવું નહિ, તથા ગરીબ ન થવાય એવો ઠરાવ કરવો. જે જે તમે ખરચો તેમાં ઓછું ખરચો. દરિદ્રતા એ મનુષ્યના સુખની ખરેખરી વેરણ છે. ખરેખર એ સ્વતંત્રતાનો નાશ કરેછે અને તે કેટલાક સદ્ગુણો અનુભવમાં ન આવે એમ કરે છે. તે બીજાને એટલે દુર્ગુણોને અતિશય કઠણ કરે છે. કરકસર ફક્ત શાંત રીતિએ રહેવાનો પાયો નથી, પણ પરોપકારનો પાયો પણ છે. જે માણસ પોતે મદદ માગતો હોય તે બીજાને મદદ કરી શકે નહિ. આપણે ખરચવાને ઇચ્છીએ તે પહેલાં આપણી પાસે જોઇએ એટલું છે કે નહિ તે તપાસવું જોઇએ. દેવું માણસને તેની મોભાવાળી આબરૂમાંથી હલકો પાડે છે. તેના વેપારી માણસો તથા ચાકરો તેને દયામાં મૂકે છે, અને ઘણી આબરૂ ઉપરથી ગુલામીમાં નીચે ઉતારે છે. જેથી કરીને તે પોતાને શેઠ એવું ઘણી વાર સુધી કહેવરાવી શકતો નથી. તે પોતાના વ્યવહારમાં પોતાના મનને હિમ્મતથી કોઈ દિવસ જોઈ શકતો પણ નથી. જે માણસ દેવાદાર છે તેને સત્યવક્તા થવું ઘણું કઠણ છે. તેનાથી પો-

તાના સાધન ઉપર રહેવાને પ્રમાણિકપણે ગોઠવણુ કરી શકાતી નથી. પરંતુ બીજા હરકોઈના અપ્રમાણિક સાધન ઉપર રહેવાની જરૂર તો પડવાનીજ.

જોન્સન ખાતરીથી કહે છે કે, ' મીલકતનો ઉત્તમ ઝરો અથવા સારી રીતે રહેવું એ કરકસર છે. ' તે કરકસરને ડહાપણુની દીકરી, મિતવ્યયતા (નિયમસર ચાલવાની રીત) ની બહેન અને સ્વતંત્રતાની મા કહે છે.

નાનાં છોકરાંને દેવું કરવાથી મોટું પાપ થાય છે તે કેવી રીતે શીખવવું, તે નીચે લખેલી વાત ઉપરથી ધ્યાનમાં આવશે. છોકરાંને આ પાઠ ભણાવવા એ ઘણું જરૂરનું છે. ચાર્લ્સ સ્પરજન જે હાલના વખતમાં મોટામાં મોટો ઇંગ્રેજી વકતા છે તેના બાપે તેના મન ઉપર દેવાવિષે કેવી રીતે ઠસાવ્યું હતું, તે આ પ્રમાણે બતાવે છેઃ—

જ્યારે હું ઘણો નાનો છોકરો હતો અને કન્યાશાળામાં જ્યાં છોકરા અને છોકરીઓ સાથે ભણતાં હતાં ત્યાં ભણવા જતો હતો; તે વખતે એવો બનાવ બન્યો કે, મારે પત્થરની પેન જોઈતી હતી અને તે લેવાને મારી પાસે પૈસા નહતા. હું એવો અવ્યવસ્થાવાળો (સંભાળ વગરનો) હતો કે મારી પત્થરપેન વારંવાર ખોઈ નાંખતો હતો, તેથી પત્થરપેન ખોવાયાથી મને મારો પિતા ખીજશે એવો વિચાર લાવવાથી હું બીન્યો, માટે તે વાત ઘેર કહેવાની હિમ્મત ચલાવી શકયો નહિ, ત્યારે મેં શું કર્યું ? તે શાળાની જગા પાસે એક નાની દુકાન હતી, જેમાં નાળિયેર, ભમરડા પૂરીઓ, દડા, સ્લેટ, સ્લેટપેન, એવી એવી ઘણી વસ્તુઓ એક ડોસી મિસિસ ડીયરસન કરીને હતી તે વેચતી હતી, અને કેટલીકવાર એ ડોસી છોકરા અને છોડીઓને વિશ્વાસ

ઉપર ઉધારે પણ આપતી હતી; તે મારા જોવામાં આવ્યું ત્યારે મેં મારા મન સાથે સલાહ કરવા માંડી કે, ક્રિસ્ટમસનો દિવસ નજીક આવે છે તેથી મારાં સગાંમાંથી કોઈ માણસ અગર બીજો ખચીત મને પેની અથવા કદાપિ રૂપાનો છ પેન્સનો સિક્કો આપશે. તેથી મેં પત્થરપેન લેવાનું દેવું કરવું ધાર્યું અને ક્રિસ્ટમસમાં ખચીત આપવાનો વાયદો કરવાનું મારા મન સાથે નક્કી કર્યું. તે વખત હું શાંતતાથી રહ્યો નહિ પણ પરાણે મારા મનમાં પુરી હિંમત લાવીને તે દુકાનમાં ગયો. મેં પત્થરપેનની કિંમત પૂછી તો તે ફક્ત એક ફાર્દિંગ હતી, અને પાછલા વખતનું અદ્યાપિ સુધી કોઈપણ વસ્તુનું મારે દેવું હતું નહિ તથા મારી સાખ પણ સારી હતી માટે તે માયાળુ વૃદ્ધ બાઈએ મને તે પત્થરપેન આપી તેથી હું દેવાદાર થયો. હું આ બનાવથી રાજી થયો નહિ, પણ ઉલટું મને એવું લાગ્યું કે મેં ઘણું ખરાબ કામ કર્યું. તોપણ સારૂં થયું કે મને એટલા ઉપરથી જણાયું કે હવે હું જલદી દેવાથી સાવધાન રહીશ. મારા બાપને આ નાના કામનો ખેલ કેવી રીતે જાણવામાં આવ્યો તે મેં બીલકુલ જાણ્યું નહિ. કોઈ નાના પક્ષીએ ઉડીને આ વાત કહી હશે, અથવા વાએ ઉડીને તેની પાસે તે વાત આવી હશે, કિંવા બીજાએ તેને કહ્યું હશે કે કેમ ? તે મને બીલકુલ માલમ પડયું નહિ, પણ તેઓ જલદીથી મોટી આતુરતાથી મારી પાસે આવ્યા. પરમેશ્વર તેને વાસ્તે તારૂ રક્ષણ કરે એમ તેમણે મને કહ્યું. તે સમજણા માણસ હતા તેથી તેઓ તેમનાં કોઈપણ છોકરાંને બગડવા દેતા નહિ, તે તેમનાં છોકરાંને સટ્ટો કરવા દેતા નહિ, અને કહેવાતા મોટા માણસ પૈસાથી જે નઠારી રમત રમે છે તે પણ રમવા દેતા નહિ, મારા માથા ઉપર દેવાનો ભાર

હતો તે એકદમ નાંખી દેવામાં તેમણે ભૂલ કરી નહિ. તેમણે મને દેવામાં દખાઇ જવાવિષે એક ઉત્તમ ભાષણ સંભળાવ્યું, અને તે એવું સરસ અસરકારક ને સમયાનુકૂળ હતું કે તે મારા હૃદયમાં ચોંટી ગયું. તેમાં એમ કહ્યું હતું કે, દેવાને રસ્તે લોકો પાયમાલ થઈ જાયછે માટે જો છોકરો એક ફાર્દિંગ દેવું કરે તો એક દિવસ એવો આવે કે તેના ૧૦૦ પૌંડ થાય; તે ન અપાય ને કેદમાં જાય. એવી રીતે દેવું તેને અને તેના કુટુંબને ખરાબ કરે.

• તે ખરેખરૂં યોગ્ય ભાષણ મને બરોબર અસર કરે એવું હતું. હું ધારૂં છું કે, હું હમણાં સાંભળી શકુંછું. તે મારા હૃદયમાં એવું તો કોતરાઈ રહ્યું છે કે મારા કાનમાં તેનો ગણગણાટ થયાં કરે છે. અંતે ક્ષણે ક્ષણ મને તેનો ભાસ થાય છે. તે ભાષણથી હું તે દુકાન તરફ ચાલ્યો ગયો અને બાપે આપેલો ફાર્દિંગ તે ડોસીને આપીને દેવાથી મુક્ત થયો. જેમ વનવગડાનો દુઃખી બનેલો વેપારી ગામમાં આવી વીતેલાં વીતકડાંથી પોકશ્રાદ્ધ કરે તેમ રાગ તાણીને બધા ફળિયામાં હું રડયો. તેનું વર્ણન આ ઠેકાણે કરવાને હું અશકતછું. આ બનાવથી દેવાનો ભાર અને શરમ મારા મનને લાગ્યાં; કારણ કે મેં વિચાર્યું કે હું કરજદાર છું તે સઘળાએ જાણ્યું. આ ફાર્દિંગે મને ખરેખર ઘણીજ અસરકારક સોલોમનના જેવી તાકીદ આપી તેથી કરીને ગરીબ કરજદાર દેવારહિત થયો. જેમ પક્ષી પાંજરામાંથી છુટું થાય તેમ દેવામાંથી નીકળ્યા પછી મને તેવુંજ સારૂં લાગ્યું. મારા નાના અંતઃકરણે હવે એવી બાધા લીધી અને નક્કી કર્યું કે, ફરીથી કોઇ દિવસ હવે કરજની જાળમાં ફસાવું નહિ. આ શિક્ષણીય પાઠ છે તે હું કદી ભૂલવાનો નથી, જો સઘળાં છોકરાં

જ્યારે નાનાં હોય ત્યારે આવાજ માર્ગની નકલ કરે, તો એટલું બધું સારૂં થાય કે તે નસીબદાર બને અને તેમની વૃદ્ધિગત થતી જિંદગીમાં ખોટી માથાકુટમાંથી બચી જાય તથા દુનિયાંનાં હરેક કાર્યમાં ફતેહ પામે.

સેવિંગ્સબેંકસ.

મૂર્ખ માણુસ વિષે હમણુંજ ટીકા કરી છે કે, તે નાણું સાચવી શકતા નથી. તેઓ રોજ જે મળે તે ઉપરજ ગુજરાન ચલાવે છે. આવતા વખતને વાસ્તે તે કંઇજ રાખતા નથી, તેમ તેમને કાલ એ શબ્દનો વિચારજ હોતો નથી. તેમનાં સગાં ને મિત્રોની બરદાસ રાખવાની તેઓ દરકાર રાખતાં નથી; મંદવાડ તથા વૃદ્ધાવસ્થાને વાસ્તે કંઇપણ બંદોબસ્ત કરતાં નથી. જે માણુસ આ રીતે વર્તે તે જંગલી પશુ સમાન છે એટલુંજ નહિ, પણ તેના કરતાં પણ હલકો કહીએ તો ચાલે, કેમકે તેને પશુ કરતાં ઈશ્વિરે તર્કશક્તિરૂપી ગુણ વધારે આપેલો છે; માટે તર્કશક્તિનો ઉપયોગ કરે તો પૈસા બચાવવા એ દુનિયાંનું પહેલું પગથિયું છે. તે વિષે ખરી વાત એ છે કે, તેને બચાવવાનું, મેળવવાનું, એનો સઘળો આધાર ઊંડા વિચાર, ડહાપણ અને નિપુણતાથી કરી શકાય છે. તે ભવિષ્યના સુખનું સત્ત્વ છે અને તે સુખ સ્વતંત્રતાથી શરૂ થાય છે.

પહેલાં જ્યારે માલમતાની સંભાળનો ભરોસો નહતો ત્યારે લોકો નાણુંને દાટી મૂકતા હતા, તથા તેનાં ગાળીને ઘરેણું કરાવતા હતા, તેના બધા ગેરફાયદા ઉપર બતાવેલા છે.

તેથી ફરીથી બતાવવાની જરૂર નથી. નાણાને વ્યાજે ધીરવુંજ જોઇએ, પણ ધીરતા પહેલાં વિચાર કરવો કે તે સારી બાંધણીમાં છે કે કેમ? વ્યાજ મળવાને હરકત છે કે નહિ, તથા તે મુડી પાછી લેવા જતાં તેમાં હરકત થાય એમ છે કે નહિ, તે સર્વ ધ્યાનમાં રાખવાનું છે. તે વારંવાર રાખનારા મળવા એ કામ બહુ કઠણ છે. નાણું વ્યાજ સાથે જ્યારે જોઇએ ત્યારે અને જ્યાં જોઇએ ત્યાં આપનારા જડવા કઠણ છે, ધીરનારના પૈસા સહીસલામત રહે અને તેના ભરોસાની બાંધણી પાકી રાખવાને તથા ત્યાંથી જોઇએ ત્યારે વ્યાજ લઇ શકાય અને ગમે તે વખતે માગીએ ત્યારે મળે, તેને માટે બ્રિટિશ સરકારે સેવિંગ્સબેંકો દેશના જુદા જુદા ભાગોમાં સ્થાપેલી છે. હરકોઈ મનુષ્યને જ્યારે તેની ખુશીમાં આવે ત્યારે ત્યાં જઇ થોડું ઘણું નાણું મેલવાની છુટ છે. નાણું મેલનારને એક પહોંચ બુક મળે છે તેમાં ભરેલી અથવા ઉપાડેલી રકમ બરાબર દાખલ કરવામાં આવે છે. પોતાથી અથવા પોતે જેને અખત્યાર આપ્યો હોય તે સિવાય બીજાથી તે પૈસા લઈ શકાતા નથી. સરકાર તેની યોગ્ય સંભાળ રાખે છે; અને તેના ઉપરનું વ્યાજ દરવર્ષે તેમાં ભરી આપી સિક્કો મારી આપે છે. તેથી તેમાં દગો અથવા ઠગાઈ થાય એવો બનાવ બનતો નથી. પૈસા મેલવા અથવા પાછા લેવા એ ગમે તેટલા અને ગમે તે વખતે લઇ શકે છે તથા મેલી શકે છે. દેવું કરનાર જેટલું વ્યાજ આપે છે તેટલું વ્યાજ સરકાર આપતી નથી બલકે ઓછામાં ઓછું આપેછે તોપણ તેમાં ઘણા ફાયદા છે અને ધીરેલી રકમ ખરેખરી રીતે સહીસલામત રહેછે, તથા ગમે તે વખતે તે લઇ શકાય તેથી ફાયદોછે એવું અર્થશાસ્ત્ર જાણનારાઓનું પણ મત છે. હિંદુસ્તાનમાં સઘળી

પોસ્ટ ઓફિસોમાં તેના કામની સાથે સેવિંગ્સબેંકો રાખેલીછે. ઓછામાં ઓછી રકમ તેમાં મેલવાની તથા લેવાની છૂટછે. તોપણ તે ચાર આનાથી ઓછી જોઇએ નહિ. ચાર આના આઠ આના અને બાર આના ઇત્યાદિ. વધારેમાં વધારે રકમ ૫૦૦ રૂપિયાથી વધારે એક વર્ષમાં રાખવામાં આવતી નથી. નાણું મેલનાર પોતાના પૈસા અઠવાડિયામાં એથી વધારે વાર ઉપાડી શકતો નથી. તેના ઉપર દર સેંકડે દર વર્ષે રૂ. ૩) વ્યાજ મળે છે, એટલે છ રૂપિયે એક મહીને એક પૈસો એ પ્રમાણે ગણાય છે. પૈસા મેલનાર પોતાનો હિસાબ કરી તેનું નાણું ગમે તે પોસ્ટ ઓફિસમાં મળવાને વાસ્તે પહોંચ બૂક બીજી પોસ્ટ ઓફિસમાં વગર પૈસે રકમ મેલવાને તથા લેવાને વાસ્તે ફેરવી આપે છે.

એ વિષેના તમામ સંપૂર્ણ ધારા પોસ્ટ ઓફિસમાં જ્યારે માગે ત્યારે મળે છે. ગમે તે વખતે જ્યાં માગશો ત્યાં અરજ કરવાથી તે મળશે. નાણું મેલનારને બેંકનો હિસાબ એ પહોંચબૂક ઉપર લખી આપવામાં આવે છે.

આપણા દેશમાં ઘણા લોકો પૈસા બચાવી રાખવા તથા તેને સલામત ભરેલી રીતે વધારવા એ બાબતોથી અજાણ્યા છે. જ્યારે તે પરણવાના હોય છે ત્યારે અથવા જ્યારે તેના કુટુંબમાં સુવાવડ, જનોઈ, સીમંત, ઉત્તરકાર્ય, ગૃહમુહૂર્ત, ગૃહપ્રવેશ, ઇત્યાદિને વાસ્તે પહેલેથી તેઓ તૈયારી કરતા નથી, એને વાસ્તે જરૂરનું ફંડ રાખ્યું હોય તો તે તેમને ઘણું સહેલું પડે નહિ. જ્યારે તેમનું ખરચ વધેછે ત્યારે તે વ્યાજે ઉપાડે છે. અને એટલા ખરચમાં વળી વ્યાજનો વધારો કરે છે. તેમ પગાર મળતો હોય તો મહીનાનો પગાર આવે કે તરતજ ખરચી નાખનારાની સંખ્યા પણ થોડી નથી. તેમને બીજું

અણધાર્યું ખરચ આવી પડ્યું હોય તો તેને વાસ્તે એક રૂપિયો સરખોએ તેમની પાસે હોતો નથી. માટે સેવિંગ્સ-બેંકમાં અનામત ખાતું રાખ્યું હોય તો નાણાંનો બચાવ થાય છે, અને આવા કૃત્યમાં વાપરવા વાસ્તે કામ આવે છે.

નાનાં છોકરાં સરખાને પણ સેવિંગ્સબેંકનો હિસાબ શી રીતે રહેછે તથા તે શુંછે એ સમજાવવું જોઇએ. આપણા દેશમાં પકવાન તથા બરફી ઇત્યાદિ મિષ્ટ પદાર્થો ઘણા વેચાય છે અને તેના પુષ્કળ જથા આપણે વારંવાર જોઇએ છીએ, તેમાંથી લેવાની ટેવ રાખ્યાથી છોકરાંને પણ એ નુકસાનકારક ટેવ તેમનાં માબાપ પાડેછે તથા તેમને મિઠાઇ ખાતાં શીખવે છે. કેટલીકવાર તો તેમનાં માબાપ તેનો સ્વાદ કેવોછે તે ચાખી જુએ છે તેથી છોકરાં તેવું કરતાં શીખે છે. આ એક બીજો ખરાબ ચાલનો પાઠ છે, કેમકે નાનાં છોકરાંને નકલ કરવાની ટેવ હોયછે તેથી તે જલદીથી શીખે છે, તેમ તેનો કેવી રીતે ઉપયોગ કરવો, એ પણ તેમને જલદીથી આવડે છે. જે જોઇતું હોય તે આપવાને સાધારણ રીતે માબાપ તેને ખીજે છે, પણ આવી ખરાબ ટેવ પડશે તેનો વિચાર સરખોએ લાવતાં નથી એ મોટી દીલગીરીની વાત છે.

દેવા રહિત રહેવાથી થતા ફાયદા.

જગતમાં રહી હલકાં કામ કરી પારકાની પાસે હોય તે છીનવી લેવું, તથા કરકસર કરી ભેગું કરેલું દ્રવ્ય પોતાના તથા પારકાના ખરા ઉપયોગમાં ન ખરચતાં બીજાનાજ ઉપયોગને માટે રાખી મૂકવું, એ શીખવવાથી બીલકુલ ફાયદો નથી.

લોભી માણસો દ્રવ્ય પેદા કરી તેની સોનાની મૂર્તિ બનાવી તેની આસનાવાસના કરી હમેશાં તેના આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા એનેજ ખરૂં કર્તવ્ય માનેછે. મતલબ કે દુનિયાંમાં પૈસો એજ પરમેશ્વર છે એવું સમજેલા હોય છે, તથા કંજુસ માણસો નાણાથી કદીપણ તૃપ્ત થતા નથી એટલે હમેશાં અસંતોષી રહેછે. પોતાનાથી બને તેવી હરેક યુક્તિ કરી દ્રવ્ય ભેગું ક્યાં કરે છે; પણ તેમનાથી પોતાને માટે કંઇ પણ વાપરી શકાતું નથી. સારી આમદાની છતાં મીઠું ને રોટલો ખાઈ પેટે પાટા બાંધી ચલાવે છે અને દ્રવ્ય ભેગું કરી તે બીજાને વાસ્તે રાખી જાય છે: તે દ્રવ્ય જે સખસની પાસે આવેછે તે કુલણજી બની ઉડાવી દેછે.

દેવાથી ચોખા થવાના કેટલાક ફાયદા તથા કબજામાં આવેલું થોડું પણ ભંડોળ શી રીતે સહીસલામત રહે કિંવા ભંડોળ શી રીતે થાય, તે નીચે બતાવવામાં આવ્યું છે:—

૧. પૈસાનો બચાવ.—અગાઉ બતાવવામાં આવેલું છે કે, દેવાદારનું પેદા કરેલું સઘળું દ્રવ્ય તેના સાહુકારને ત્યાં જાય છે, તથા તેની મહા મહેનતની કમાણીનો થોડો ભાગ પણ તેના પોતાના ખપમાં આવતો નથી, માટે જો માણસ દેવા રહિત હોય તો પેદા કરેલું સઘળું તેના પોતાનાજ ઉપયોગમાં આવે અને સાહુકારને ત્યાં જતું બચે.

૨. દ્રવ્ય સંબંધીની આતુરતાથી સ્વતંત્રતાને થતી હાનિ—દેવાદારને તેના પોતાના માગનારની બીકથી ધંધા રોજગારમાં રોકાવાનું બનતું નથી, તેથી વારંવાર દેવાની ચિંતામાં ને ચિંતામાં નિદ્રા રહિત રાત્રિ ગુજારવી પડે

છે, પરંતુ જેને માથે ઋણ નથી તે આનંદથી નચિંત રહીએ સુઇ રહે છે તથા તેને ઉંઘ પણ બરાબર આવે છે.

૩. તેની સાથે જેને કામકાજ છે તે બધા તરફથી તેને અંતઃકરણની સાબાશી આપવાને થતી હરકત-દેવાદાર તેના માગનારની કડવી ચોપડીમાં નોંધાયેલો છે તેથી તેને તેના તરફથી ઘણું અપમાન મળે છે. હસમુખો ચહેરો જેને માથે દેવાનો બોજો નથી તેવાજ માણસને મુબારકબાદી આપે છે.

૪. સત્ય અને પ્રમાણિકપણું કયાં દાખલ થાયછે? દેવાદાર વચન આપે છે પણ તે પ્રમાણે પાળી શકતો નથી, તે બદદાનતથી દ્રવ્ય આપવાને અશકત હોય છે તેમ છતાં તે વ્યાજે લેછે તેથી જુઠ અને દગાને આ પ્રમાણે ઉત્તેજન આપે છે. બીજા દાખલાઓમાં તેની અસર વિરૂદ્ધ રીતિએ એટલે ઉલટી થાય છે. મતલબ કે દેવા રહિત માણસોમાંજ સત્ય આદિ સદ્ગુણો રહેલા હોય છે.

૫. ગરીબને અને દરેક સારા કામને મદદ આપવાની શકિતનું પેદા કરવું.—બીજાના સુખમાં વધારો કરવો એ એક જિંદગીની મોટામાં મોટી મોજમજા અને ફરજ છે. જે આપણું ન હોય તેને ધર્મના કામમાં આપવું અથવાદાન કરવું એ ખોટું છે, ને એમ કરવાનો આપણને લગાર પણ હક નથી. આપણે ઉદાર થતા પહેલાં વાજબી કરનારા થવું જોઇએ. જે માણુસ દેવાદાર ન હોય તેને કમાએલા નાણાનો કોઇ પણ ભાગ વ્યાજમાં આપવો પડતો નથી; તેથી તે ભાગ વધે છે તથા કરકસરથી તેમાં ઉમેરો કરી વધારે બચાવી શકાય છે.

૬. કુટુંબને આશ્વાસન આપવું અને છોકરાંને સારો દાખલો આપવો.—દેવાદારનું કુટુંબ કેવી પીડા પામે છે તે હમણાંજ આપણે બતાવ્યું છે. તેના ઘરમાં સુખ-શાંતિની છાયા સરખી પણ રહેતી નથી, પૈસા નહિ જાળવનારાં માબાપોનાં છોકરાં વારંવાર ઉડાઉ થાય છે. માણુસ ઘણી વાતોમાં ડહાયો હોય તે તેનાં ફળ તરતજ મેળવતો નથી, પણ બીજી આવતી પ્રજાનો મદદગાર થઈ પડેછે. દેવું પતાવ્યાથી થયેલી સ્વતંત્રતા તથા તેના ફાયદાને હમેશાં યાદ રાખવા જોઇએ. કોઈપણ સાધનથી દેવું ન થાય એ ઘણું અગત્યનું છે. મિકાસ નામનો પેગંબર કહે છે કેઃ—અરે માણુસ ! હું તને બતાવું છું તે એ કે, જેસારૂંછે તે તથા ઇશ્વરને જે જોઇએ છીએ તે એજ છે કે, પ્રમાણિક રીતે વર્તવું અને દયા રાખવી તથા પ્રભુની આગળ અધીન સેવકની રીતે જવું.

વાજબી રીતે કરવું તેની સાથે એ બીજી ફરજ પણ આવે છે.

દાખલા.

દ્રવ્યનો રસ્તો.

યુનાઇટેડ સ્ટેટસનો નિવાસી બેન્જામિનફ્રેંકલીન ગયા સૈકામાં ચીથરેહાલ દશામાંથી ઘણીજ ઉંચી સ્થિતિએ પહોંચ્યો હતો. તે તેની ધારણા પ્રમાણે સુખમાં તેના સોબતીઓ કરતાં ચઢયો અને તેના અનુભવી ડહાપણને લીધે તે પ્રખ્યાત થયો. તેણે પુઅર રીચર્ડ (ગરીબ રીચર્ડ) ના નામથી સંપત્તિ મેળવવાનો ઉત્તમ રસ્તો એ નામનું કેટલીક

ઉત્તમ શિખામણોવાળું પંચાગ પ્રગટ કર્યું હતું. તેનાં ઘણી ભાષામાં ભાષાંતર થયેલાં છે, તેમાંના કેટલાક ઇસારા મુખ્યત્વે કરીને યુનાઈટેડ સ્ટેટ્સમાં ખરા પુરાવાનાં પ્રમાણ દાખલ લેવાય છે. તે ટુંકા ને સર્વ અર્થવાળા થોડા શબ્દોમાં છે તોપણ તે સહેલથી સમજી શકાય છે. ધારો કે તેણે પોતાની મેળે લોકોને શિખામણ આપી છે, માટે જેઓ તે પ્રમાણે કરવાનું ધ્યાનમાં રાખે અને તેનો ઉપયોગ કરે છે તથા જેઓ હાલમાં દેશને આબાદ થવામાં જે જે હરકતો પડે છે તે નાબુદ કરવાને ઇચ્છેછે તેમને પણ ઉપયોગી છે તથા તે શિખામણો દરેક સ્ત્રી પુરૂષને શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરવા લાયક છે.

સભ્ય વાંચનાર—બીજા ગ્રંથકારોએ ન્યાયપૂર્વક કહેવત તરીકે માન્ય કરેલું એવું પ્રમાણભૂત પુસ્તક તથા અન્ય ગ્રંથકારને ખુશી ઉપજે એવું કોઈપણ પુસ્તક આ સિવાય બીજું નથી એમ સાંભળ્યું છે. એક ન્યાયાધિશ પોતાના ન્યાયના હોદ્દા તરીકે ખરેખરૂં કહે છે કે, આ પુસ્તક શી રીતે દાખલો આપી તેને લાગુ પાડવું તે હું બતાવું છું. જ્યાં વેપારીનો માલ હરાજ થતો હતો ત્યાં ઘણા માણસો ભેગાં થયાં હતાં. તે ઠેકાણે મેં મારા ઘોડાને મોડું થયું તોપણ અટકાવી રાખ્યો. વેચવાનો વખત થયો ન હતો તેથી ત્યાં ખરાબ વખત છે એવી ચર્ચા ચાલતી હતી. તે મંડળીમાં એક સ્વચ્છ વૃદ્ધ પુરૂષ ધોળાવાળ, ધોળો જભ્ભો પહેરીને ઉભો હતો તેને મે કહ્યું કે, હે વૃદ્ધ ! મહેરબાની કરીને કહો કે, તમે વખતને વિષે શું ધારો છો ? તમે ધારતા નથી કે દેશના ઉપર ભારે કરનો બોજો પડે છે તેથી તે ખરેખરો પડી ભાગશે ? અમે શી રીતે એ કર આપવાને

શક્તિમાન થઈએ ? અમારે એ વિષે શી રીતે કરવું તે વિષે શિખામણ આપશો તો મોટામાં મોટી મહેરબાની થશે. તે વૃદ્ધે જવાબ આપ્યો કે, જો તમને મારી શિખામણ જોઇતી હશે તો તે હું તમને ટુંકામાં કહીશ. તે ટુંકી, ડહાપણ ભરેલી અને યથાયોગ્ય છે અને તે ગરીબ રીચર્ડની કહેવત છે. સર્વ ભેગા થયા અને શું બોલે છે તે આતુરતાથી ધ્યાન રાખી સાંભળવાને તેની આસપાસ વિંટાઇ વળ્યા. તેણે નીચે પ્રમાણે બોલવા માંડયું:—

'મિત્રો ! ખરેખર કર ઘણુાજ ભારે છે અને તે સરકારે મૂકયા છે માટે ખુશીથી કે નાખુશીથી આપણે તે આપ્યા વગર છુટકા નથી તેથી તેને જલદીથી અને સહેલથી આપી દેવા જોઇએ. જે કર સરકારને આપીએ છીએ તે સિવાય બીજા કર આપણા ઉપર ઘણા છે, અને તેમાંના કેટલાએક તો ભારેમાં ભારે છે. આપણે સરકારને જે કર ભરીએ છીએ તેના કરતાં બમણો કર આળસને આપીએ છીએ, ત્રમણા કરતાં વધારે મગરૂબીને આપીએ છીએ અને ચાર ગણા કરતાં વધારે મૂર્ખાઇને આપીએ છીએ. આ કરમાંથી મુક્ત થવા કમનસીબથી પ્રયત્ન કરી શકતા નથી અથવા દુઃખ લઈ લેતા નથી. પણ એ કર સરકારના બીજા કરોની સાથે વધારો કરેછે. જો કે આપણને સારી શિખામણ મળેછે તે ઉપર કેટલીક વખત આપણાથી લક્ષ અપાતું નથી. પરમેશ્વર જેઓ પોતાની મેળે યત્ન કરેછે તેનેજ મદદ કરે છે એવું ગરીબ રીચર્ડનું કહેવું છે.'

૧. જે સરકાર લોકોને જે વખત મળે છે તેનો દસમો ભાગ કરમાં આપવાનો ઠરાવ કરી નોકરીમાં કામે લગાડે તો તે સરકારને જુલમગારજ કહેવી એવો વિચાર

આપના મનમાં આવે છે પણ આપણે જોઇએ છીએ કે આળસનો કર તેના કરતાં ઘણોજ વધારે છે. આળસ રોગ લાવે છે અને આપણી જિંદગીને ટુંકી કરે છે. મહેનત કરીને જે પરિપૂર્ણ કરેલું હોય તેને આળસ કાટની પેઠે જલદીથી ખાઈ જાય છે. ગરીબ રીચર્ડ કહે છે કેઃ—' વપરાતી કુંચી ઉજળી રહે છે. ' જો તમને તમારી જિંદગી વહાલી હોય તો વખત ગુમાવશો નહિ, કેમકે જિંદગી વખતની બનેલી છે, 'ઉંઘતા શિયાળથી શિકાર થતો નથી, એ કહેવત જાણ્યા છતાં તેને ભૂલી જઈ આપણે જરૂર કરતાં કેટલો બધો વખત ઉંઘમાં ગુમાવીએ છીએ, તેથી સુતું એને ઘોર, દખમું કેમ શાણુ છે એમ ગરીબ રીચર્ડ કહે છે.

વખત એ બધી વસ્તીરૂપ છે ત્યારે જે વખત ગુમાવીએ છીએ તે કિંમતી છે. એમ ગરીબ રીચર્ડ કહેછે તે વાજબી છે. મોટામાં મોટું ઉડાઉપણું બીજાં ઠેકાણાં કરતાં આળસમાં છે એમ એ આપણને કહેછે. ગયેલો વખત ફરીને પાછો મળતો નથી અને જે વખતને આપણે જોઈએ એટલોછે એમ કહીએ છીએ તે હમેશાં રહેતો નથી, તેથી સાબીત થાય છે કે તે થોડો છે, ત્યારે ચાલો આપણે ઉઠો અને જે કરવાનું છે તે કરો. ઉદ્યોગથી વધારે કરી શકીશું. તમારાથી એમ નહિ બને તો પછી મોટી ગુંચવણ આવશે. આળસ બધી વસ્તુને દુસ્તર કરે છે, પણ ઉદ્યોગ તેને સહેલી બનાવે છે, માટે જે મોડા ઉઠેછે તેને આખો દિવસ તરફડિયાં મારવાં પડેછે, અને રાત્રે વધારે કામ કરવું પડેછે, તોપણ તે પુરૂં થતું નથી, તમારા કામને તમે હકાવો પણ કામ તમને હકાવે એવું કરશો નહિ. દલપતરામ કવિએ કહ્યું છે કેઃ—

દોહરો—"રાત્રે વહેલા જે સુઇ, વહેલા ઉઠે વીર;
બળ બુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર."

માટે સારા વખતને સારૂં ઇચ્છા તથા ઉમેદ રાખવી તેનો અર્થ શો ? જો પોતાની મેળે આપણે સાવધ હોઇશું તો આજ વખતને સારો કરી શકીશું. ઉદ્યોગીને ધોકો પહોંચવાનો સંભવ નથી પણ જે આશા ઉપર રહેછે તે આશામાંને આશામાં ભૂખે મરે છે, મહેનત વગર નફો થતો નથી. ઉદ્યોગી હાથને સારૂ ખેડ્યા વગરની જમીન નથી, કેમકે જો હોય તો તે ખેડી ખોદીને સાફ કરેલી હોયછે. જેને વેપાર છે તેને વજીફો છે, અને જેની માગણી થાય છે તે તેની નફાની અને માનની કચેરી છે એમ ગરીબ રીચર્ડ કહેછે; પણ તે વેપારમાં મંડ્યા રહેવું જોઇએ, એટલે માગણી તેની પાછળ પાછળ ચાલી આવે છે. વજીફો કે કચેરી એમાંથી એકે આપણો કર આપણને પુરો પાડવાને અશક્ત થશે નહિ. આપણે ઉદ્યોગી હોઇશું તો કદી ભૂખે મરવાના નથી. ઉદ્યોગી માણસના ઘર તરફ ભૂખ નજર કરે છે પણ માંહે પેસવાની તેને હિમ્મત ચાલતી નથી. દિવાની કામ કરનાર સિપાઇ કે પોલીસનો સિપાઇ એમાંથી કોઇ ઉદ્યોગીના મકાનમાં પેસી શકતો નથી, કેમકે ઉદ્યોગ કરજ આપે છે અને તેને વધારવાને ધિક્કારે છે. એના જેવો વારસામાં આપી જવાને તમને કોઇ પણ ખજાનો અથવા તાલેવંત સગાં વહાલાં જડનાર નથી. ઉદ્યોગ એ સારા નસીબની મા છે, અને પરમેશ્વર બધી વસ્તુઓ ઉદ્યોગને આપે છે. તમે ઉદ્યોગ કરીને તમારૂં ખેતર ઉંડું ખેડો છો ત્યાં સુધી એ એદી સૂઈ રહે છે, અને તમે ઉદ્યોગી છો તેથી તમારી પાસે વેચવાને તથા સંગ્રહ રાખવાને

અનાજ જોઈએ તેટલું રહે છે. આજનું કામ તે આજજ કરો, કેમકે તમને માલમ નથી કે કાલે શું થશે, માટે તે કાલ ઉપર રાખવુંજ નહિ. આજ જે કામ કર્યું તેની કિમ્મત કાલ બમણી થાય છે એવું ગરીબ રીચર્ડ કહેછે. વધારામાં કહેવાનું એ કે તમારાથી આજ બને તે કાલ ઉપર રહેવા દેતાજ નહિ. જો તમે ચાકર હો તો તમારો સારો ધણી તમને આળસુ થયેલા પકડે એવું થાય તો તમે શરમાશો નહિ ? જ્યારે તમે પોતેજ શેઠ હો ત્યારે તો તમારે પોતાની મેળે આળસુ થવાને શરમાવું જોઈએ. તમારે પોતાને વાસ્તે, પોતાના કુટુંબને વાસ્તે, પોતાના દેશને વાસ્તે તથા પોતાના રાજાને માટે કેટલું બધું કરવાની જરૂર છે. તમારી આંગળીઓ વગર હલાવે હાલી શકતીજ નથી, માટે યાદ રાખો કે 'ઉંઘતી બિલાડીથી ઉંદર પકડાતો નથી.' એવું ગરીબ રીચર્ડનું કહેવું છે એ ખરૂં છે. તમે ધારો કે ઘણું કરવાનું છે અને કદાપિ તમે અશક્ત હાથના હો, તોપણ એ કામ કરવાને તમારે ખંતથી મંડયાને મંડયા રહેવું. તમે જાણશો કે મંડયાને મંડયા રહેવાથી મોટો લાભ થશે. કેમકે હંમેશાં એક એક ટાંકણું મારીએ તો મોટા પથરો ટંકાઈ જાય છે. ઉદ્યોગ કરવાથી અંતે (લંગર) વહાણનું મોટું જાડું દોરડું સરખું પણ નાનકડો ઉંદર કાપી નાંખેછે અને નાના નાના ઘાથી મોટું ઓકનું ઝાડ કપાય છે. કહેવત છે કે "ટીપે ટીપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય."

•

મને લાગે છે કે, તમારામાંના કેટલાએકનું કહેવું હું સાંભળુંછું. માણસે પોતાની મેળે ઉત્પન્ન કરવું તેને નવરાશની જરૂર નથી. ગરીબ રીચર્ડે કહ્યું છે કે, 'હે મિત્રો !

હું તમને કહું છું કે, જો હલકી રીતે વખત જતો હોય તો તમારાં વખતને સારી રીતે કામે લગાડો, અને તમે એક પળ પણ નકામી ગુમાવો નહિ. નવરાશનો વખત કોઈ પણ ઉપયોગી કામ કરવાનો છે. જિંદગાનીમાં મળેલી નવરાશ અને જિંદગાનીની આળસાઈ એ બે જુદી વસ્તુઓ છે. ઘણાક કામ કરતા નથી તથા ઘણાખરા મહેનત કર્યા વગર ફક્ત તેમના બાપદાદાની દોલતના આધાર ઉપરજ રહી શકે છે પણ તેમનાથી કોઈ ધારેલું કાર્ય થતું નથી, અને જેની જરૂર છે તેને પણ ભાગી નાંખે છે. ઉદ્યોગ જોઈતી સગવડ આપે છે તથા ઘણી આબરૂ આપે છે. ખુશીને ચહાશો ને ઉદ્યોગ કરશો તો તે તમારી પાછળ પાછળ ચાલી આવશે. ઉદ્યોગી નરને પહેરવાનાં પુષ્કળ કપડાં મળેછે. જો તમારી પાસે ગાય તથા ઘેટું ઇત્યાદિ હશે તોજ દરેક મનુષ્ય સારી રીતે તમને માન આપશે, મતલબ કે દ્રવ્ય એજ વસ્તુ છે.

(૨) આપણો ઉદ્યોગ દૃઢ, નિરંતર અને સંભાળ રાખી આપણી નજર નીચે બંદોબસ્તથી થવો જોઇએ, અને તેને વાસ્તે બીજા ઉપર ઝાઝો ભરોંસો રાખવો નહિ એમ ગરીબ રીચર્ડનું કહેવું છે.

મેં વારંવાર ખસેડેલું ઝાડ જોયું નથી. તેમજ જેઓ દૃઢતાથી ઉદ્યોગ કરીને સારી રીતે ચઢતી કળામાં આવ્યા હોય તેવા કુટુંબની સ્થિતિમાં વારંવાર ફેરફાર થાય, એ પણ જોયું નથી.

ત્રણ જાતનું ખસેડવાપણું એ ખરાબ ને લહાય લગાડવા જેવું છે. ૧. જો તું તારી દુકાનની સંભાળ રાખીશ તો દુકાન તને સંભાળશે, ૨. જો તમારૂં કામકાજ ચાલતું હોય તો તેને

ચાલવા દેવું પણ ન હોય તો તેને બંધ ન કરતાં કામને લાવો.

૩ જેમની પાસે હળ છે તેવડે તેમણે વધારે વખત ખેડયા કરવું એટલે તેણે હળને પકડવું કે હાંકવું.

શેઠની આંખ તેના બંને હાથ કરતાં વધારેમાં વધારે કામ કરે છે. એટલે પોતે જાતે કામ કર્યા કરતાં તેના ઉપર નજર રાખે તો વધારે કામ થાય છે. સંભાળ વગરનું જોખમ જ્ઞાન વગરના જોખમ કરતાં વધારે છે. કામ કરનારા ઉપર તમો દેખરેખ રાખો ને તેમને વાસ્તે તમારા નાણાની કોથળી ખુલ્લી મૂકો. બીજાની સંભાળ ઉપર વધારે ભરોસો રાખ્યાથી ઘણા જણ ખરાબખસ્ત થઇ ગયા છે, કેમકે આ દુનિયાંના કામકાજમાં નજર રાખીને કામ કરવાથી માણુસ બચેલા છે, પણ ફક્ત વિશ્વાસથી બચ્યા નથી. માણુસની પોતાની સંભાળ ઘણી લાભકારક છે, કેમકે જો તમારી પાસે નીમકહલાલ નોકર હોય ને તે કામ કરે અને તમે પોતાની મેળે કામ કરો તે બેમાં તફાવત પડે છે. થોડી ભૂલ કોઇ વખત મોટામાં મોટો બગાડ કરે છે. ઘોડાના નાળના ખીલાની તંગીને લીધે નાળ ખોઇએ છીએ અને નાળને લીધે ઘોડો ગુમાવીએ છીએ, અને ઘોડાને લીધે સ્વાર ખોઇએ છીએ, અને આ પ્રમાણે બનવાથી મોટી ફોજને પણ દુશ્મનથી પકડી પાડવાનું બને છે. તે સર્વ નુકસાન પેલા ઘોડાની નાળના ખીલા જેવી હલકી વસ્તુની સંભાળ ન રાખ્યાથી થાય છે, કહ્યું છે કે, મોટા માણુસની હલકી ભૂલની મોટી કિંમત થાય છે.

(૩) હે મિત્રો ! ઉદ્યોગથી અને પોતાના કામ ઉપર ધ્યાન રાખ્યાથી ઘણું સારૂં પરિણામ આવે છે એમ છતાં, પણ તેની અંદર કરકસરને ઉમેરવી જોઇએ, કે જેથી

આપણા ઉદ્યોગને આપણે વધારે ફતેહમંદ કરી શકીએ છીએ. એક માણસ પોતે જે મેળવે છે તેમાંથી શી રીતે બચાવવું તે જાણતો નથી તો તેની ટેકમાં રાખેલી બધી જિંદગી શરાણ ઉપર ઘસાયા કરે છે. તેથી તે જ્યારે મરી જાય છે, ત્યારે એક દમડી જેટલી મીલકત પણ તેની પાસેથી નીકળતી નથી. મોટામાં મોટું રસોડું હોય તેમાં રાંધવાની વસ્તુઓના ભભકાદાર ને સ્વાદિષ્ટ ખોરાકનાં સાહિત્ય કરવાને જાગીરોની જાગીરો ખરચાય છે. એના દાખલા મેળવવાને વાસ્તે ઘણી ખોળ કરવા જવું પડતું નથી.

બાઈડીઓ જ્યાં સુધી ચા પીવાની કે વાતો કરવાની ગમ્મત મળે ત્યાં સુધી કાંતવાનું ને ગુંથવાનું છોડી દેછે. એટલે એટલો વખત નકામો ગુમાવે છે. સુતાર છિદ્ર પાડવાનું ચીરવાનું તથા કાપવાનું છોડી દેછે એટલો વખત તે ગુમાવે છે.

જો તમે તાલેવંત હો તો દ્રવ્ય સંગ્રહ કરવાનો તથા મેળવવાનો વિચાર કરજો. અમેરિકાના ઈંડિયનોએ સ્પેનને તાલેવંત બનાવ્યું નથી, એટલે સ્પેનીસ લોકોએ તે દેશ જીતી લીધો તેથી તેની ઉપજ તેમના હાથમાં આવી પણ તેમની પાસે કંઇ બચ્યું નહિ, કારણ કે તેમનું ખરચ તેમની કમાણી કરતાં વધારે હતું.

તમારી ખરચાળુ ચાલવાળી બેવકુફી કાઢી નાંખો એટલે ખરાબ વખત, ભારે કર અને મોટા કુટુંબનું ભારે ખરચ થાય છે, એ બાબતની ફરિયાદ કરવાનું કારણ સરખુંએ રહેશે નહિ.

સ્ત્રી, રમત, પીવાના માદક—વ્યસની પદાર્થ તથા જુગટું એ સંપત્તિને ઓછી કરે છે, અને તંગીમાં વધારો કરે છે.

તેથી વધારે એ કે જો એક પણ દુર્ગુણને મદદ આપશો તો તેનાં છોકરાં ઉત્પન્ન થશે. તમારે વિચારવું જોઇએ કે, નાનું કાણું અને થોડી ચા પીવાની ટેવ દિવસે દિવસે વધાર કિંમતી થઈ પડે છે. ઝીણું ગુમડું, ને થોડા મોજ શોખ જે કશી વિસાતમાં નથી તે ધીરે ધીરે વધે છે. માટે યાદ રાખો કે ઘણું થોડું હોય તે ભેગું થવાથી ઢગલો થાયછે. માટે થોડું પણ ખરચ થાય તેની સંભાળ રાખો. નાનામાં નાનું કાણું મોટા વહાણને બુડાડે છે એવું ગરીબ રીચર્ડનું કહેવું છે. ફરીને બીજાું કહેવાનું એ છે કે, બેવકુફ ઉજાણી કરેછે અને ડહાયા માણસ જમે છે.

અહીં તમે સર્વ ભેગા થયાછો અને આ વેચાણમાં નફો થવાની આશા રાખો છો તથા તમે તેને સારૂં છે એમ કહોછો, પણ તમે તેની સંભાળ ન રાખો તો તે તમારામાંના કેટલાકને નુકસાન કરેછે. તમે ધારો છો કે, તેઓ સોંઘું વેચશે તો કદાપિ તેની કિંમત કરતાં પણ તે સોંઘું વેચાશે પણ જો તમને તેમના સોંઘા સંબંધી કંઇપણ પ્રસંગ આવે નહિ તો તમને તે ઘણું મોંઘું પરવડે. ગરીબ રીચર્ડની કહેવત યાદ કરો. "તમારે જેની જરૂર નથી તે ખરીદો અને જેની જરૂર છે તેને વેચો તો તેનું ફળ શું?" જો તમે દમડીની કિંમત કરશો તો તમે વધારે ખરચ કરતા અટકશો; એનો અર્થ એ છે કે, સોંઘું ફક્ત દેખાવમાં છે પણ તે ખરેખરૂં નથી, જે સોદો ઉપર ઉપરથી સારો દેખાય તેમાં નફા કરતાં નુકસાન વધારે થાયછે. બીજી જગાએ કહેલું છે કે, ઘણાં માણસો હલકી વસ્તુ ખરીદવાથી ખરાબખસ્ત થઈ જાય છે. જે લીધાથી પસ્તાવો થાય તેવું કરવું એ બેવકુફી છે, અને આ બેવકુફીની રીતિ જ્યાં

કરાજી થાય છે ત્યાં ઉઘાડી જણાય છે. ઘણા ખરા ટાપ-ટીપિયા ટાપટીપ જાળવવાને ભૂખ્યા રહેછે ને તેનાં કુટું-બને અર્ધું ભૂખે મારે છે. ગરીબ રીચર્ડનું કહેવું છે કે 'મ-ખમલ, સાટીન અને રેશમનાં લુગડાં રસોડામાં પાથરીએ તે જેમ નકામાં છે તેમજ ટાપટીપ પણ નકામી છે. જિંદગાનીમાં એ જરૂરની વસ્તુઓ નથી. જ્યાં ઉપયોગ હોય ત્યાં એની થોડીજ જરૂર પડે છે. ફક્ત તે સારાં દેખાયછે એટલુંજ, પણ તેના વિના તમને અગવડ શું પડેછે? આ અને બીજી ઉડાઉ વસ્તુઓ ગરીબી દશામાં લાવી મૂકેછે; અને જે-ઓ ખરીદ કરવાને સખતાઇથી આતુર હોયછે, તેઓની જે દશા થઈ હોય, તે તપાસો અને લેવાની મરજી થાય ત્યારે ઉદ્યોગ અને કરકસરને યાદ કરો. રીચર્ડનું કહેવું છે કે, ગૃહસ્થના ઘુંટણ કરતાં ખેડુતનો પગ મોટો છે.કદાપિ તેની પાસે થોડી મીલકત (જેમાંથી શું નીકળશે તે જાણતા નહિ હો તેવી) મૂકી જવાને રહેતી હશે. તેઓ ધારતા હશે કે આ દિવસ છે ને રાત આવવાની નથી. અને આટલું થોડું ખર્ચીએ છીએ તે કંઈ વધારે કિંમતી નથી; પણ એમ કરતાં ગણતરી કરે તો વધારે જણાઈ આવે. હંમેશા કુવાને જોયા કરીએ તો કોઈ દિવસ તળીએ પહોંચીએ નહિ એમ ગરીબ રીચર્ડ કહેછે, તેમજ જ્યારે કુવો સુકાઈ જાય ત્યારે પાણીની કિંમત જણાય. આ શિખામણ કોઈપણ કાર્ય કરતા પહેલાં જાણવી જોઈએ; કેમકે પછીથી કંઈ વળતું નથી. આગ લાગ્યા પછી કુવો ખોદવા જેવું થાયછે. જો તમારા જાણવામાં નાણાની કિંમત આવે તો જાઓ અને થોડું નાણું લાવો. ગરીબ રીચર્ડનું એવું કહેવું છે કે, જે ઉધારે લેવા જાય છે તે દીલગીરી પણ સાથેજ ખરીદતા આવે છે. ખરૂં છે કે, આવા લોકોને ઉધારે આપે તો તે ફરીને

પાછા લેવા આવે ત્યારે તેમને મળે નહિ. આ વિષે ડીકની અગાડીની શિખામણ જુઓ.

જો તમને પોષાકની મગરૂરી આવતી હોય ને તે લેવાની ઇચ્છા થાય તો તમારા મન સાથે પ્રથમ વિચાર કરો, અને પછી તમારી નાણાની કોથળી તપાસો.

મગરૂબી એ ભીખ માગનારને વધારેમાં વધારે ઉદ્ધત બનાવે છે. જ્યારે તમે એક સારી વસ્તુ ખરીદેલી હોય ત્યારે તેવી દસ વધારે ખરીદવી જોઇએ, કારણ કે તેનો દેખાવ બધીનો એક સરખો છે, પણ ડીક કહે છે કે આપણો થતી આશાને જો પહેલીજ અટકાવીએ તો સંતોષથી બધી અટકે છે એ ખરૂં છે. ગરીબ માણસને શ્રીમાન બનાવવાના જેવી બેવકુફી છે, તેવીજ નકામની વસ્તુઓ ખરીદવી એ પણ બેવકુફી છે. જેમ દેડકો ફૂલીને બળદ જેવો થતાં મરી ગયો.

મોટા વહાણને ભર દરિયાનાં તોફાન વધારે નડે છે પણ નાની હોડીને કિનારાની પાસે રાખવામાં આવે છે તેથી તે સહીસલામત ચાલી જાય છે.

બેવકુફી જલદીથી શિક્ષા કરાવે છે તેને વાસ્તે ગરીબ રીચર્ડ કહે છે કે, મગરૂબી પોગળને જમે છે અને તિરસ્કારનું વાળું કરે છે. મગરૂબીને સવારનું જમવાનું ઘણું હોય છે ને ગરીબી દશા એ તેનું જમણ છે, અને સાંજે વાળુ કરવાને ફજેતી મળે છે. આ પ્રમાણે મગરૂબી કરવાથી કેટલું બધું વેઠવું પડે છે? તે મગરૂબી તંદુરસ્તી વધારતી નથી અને દુઃખને દૂર કરતી નથી, તે માણસની મનશક્તિઓમાં વધારો કરતી

નથી, પણ અદેખાઈજ વધારે છે, અને કમનસીબને દસ વખત લાવે છે.

આ પ્રમાણે ખાલી ભભકાને વાસ્તે દેવામાં પડવું એ કેવી ઘેલાઈ છે. દેવું કરનારની વધારેમાં વધારે છ માસ સુધીજ સાખ રહે છે, કેમકે એટલી મુદત સુધી કોઇ જાણતું નથી. પછીથી તેમની પાસે રોકડ હોતું નથી તેથી આખરે તો જેવા હતા તેવાજ રહે છે. તમે વિચારો કે જ્યારે તમે દેવું કરવા જાઓ છો ત્યારે શું થાય છે? તમે તમારી સ્વતંત્રતા બાજુપર મૂકો છો. તમે જ્યારે વખત પ્રમાણે દેવું અદા કરતા નથી ત્યારે તમે તમારા સાહુકારને મોં બતાવવાને શરમાઓ છો. જ્યારે તમે તેની સાથે બોલો છો ત્યારે તે શું બોલશે તેની બીક રાખો છો, તમે છટકી જવાને દયા ઉપજાવે એવી માફ માગો છો અને ગરીબ થાઓ છો. એ પ્રમાણે તમે તમારી સ્થિતિને હલકી કરો છો, અને દબદબાને ખુઓ છો તથા જુઠું બોલવાના સમુદ્રમાં ડૂબી જાઓ છો તેથી પહેલો દુર્ગુણ દેવું ને બીજો જુઠું બોલવું એ બે તમારામાં આવે છે. માટે ગરીબ રીચર્ડ કહે છે કે, જુઠું દેવાદારના ઉપર બેસીને તેને હાંકે છે એ ખરૂં છે.

હવે છેલ્લું કહેવાનું એ છે કે, અનુભવ એ વહાલામાં વહાલી ઉત્તમ નિશાળ છે, પણ તેમાં બેવકુફ કંઇજ શીખતો નથી. એ ખરૂં છે કે આપણે શિખામણ આપી શકીએ, પણ આપણે ચાલચલગત આપી શકતા નથી. યાદ રાખો કે, જે વિચાર કરતો નથી તેને મદદ મળી શકતી નથી, માટે જો તમે તર્કશકિતથી જે વિચાર આવે તેને ધ્યાનમાં ન લ્યો તો તમારી મરજી તમને જાળમાંજ નાંખશે, પછીથી નીકળવું ઘણું કઠણ થઈ પડશે.

આ પ્રમાણે તે શ્વેત વસ્ત્ર ધારણ કરેલા વૃદ્ધ ગૃહસ્થે તેનું પવિત્ર ભાષણ પુરૂં કર્યું અને લોકોએ તેને મંજુર રાખ્યું તથા તેની સલાહ પ્રમાણે ચાલવાનો નિશ્ચય કર્યો, એટલે તરત વિરૂદ્ધ રીતે વર્તવાનું તેમની નજરમાં આવ્યું. જો કે આ સાધારણ ઉપદેશ હતો અને તે જાહેર હરાજ કરતો હતો તેથી લોકોએ સખીપણાથી એની યોગ્ય સલાહ ખુશીથી ખરીદ કરી.

જૉન વેલસ્લીનો નાણાંનો ઉપયોગ વિષેનો અભિપ્રાય.

જૉન વેલસ્લી એ એક ડહાપો અને સુજ્ઞ માણસ હતો. તે આશરે એકસો પચીસ વર્ષ ઉપર મરણ પામ્યો છે. તેના ઘણાંક લખાણો છે તેમાંનો એક ઉપદેશ નાણાના ઉપયોગ વિષે આપેલો છે. તેમાં ઘણીજ કિંમતી શિખામણો છે માટે તેનો કાંઇક સારાંશ નીચે આપવામાં આવે છે.

કવિઓ, વક્તાઓ અને તત્ત્વવેત્તાઓએ ઘણું કરીને સર્વ પ્રજામાં અને સર્વ કાળમાં નાણાની સખત નિંદા કરેલી છે. પણ આ સર્વ ઉલટું છે. પૈસાનો પ્યાર તે સર્વ પાપનું મૂળછે પણ તે વસ્તુ પોતાની મેળે નથી, એટલે નાણું જાતે નથી. વાંક પૈસા ઉપર મેલવો એ યોગ્ય નથી, પણ તેનો ઉપયોગ કરનાર ઉપર મેલવો જોઈએ એટલે દ્રવ્ય આપણાથી વર્ણન ન થાય એટલી નોકરી બધી સુધરેલી પ્રજામાં અને જિંદગાનીના સાધારણ કામકાજમાં સર્વ કાળ કર્યા કરેછે. તે આપ લે કરવામાં તથા વ્યાપાર અને સર્વ સારી રીતભાતમાં ઘણું કિંમતી ઓજાર છે. તે ભૂખ્યાનો ખોરાક, તરસ્યાની તરસ મટાડનાર, નાગાનો પોષાક અને આબરૂનું સાધન છે. તેનાથી કુંવારીઓને સ્વામી, નિરાશ્રતોને આશ્રય અને ધણીને ધણિયાણી મળે છે,

ગુનેગારનો બચાવ, માંદાની આરોગ્યતા અને મૃત્યુનો પણ કેટલેક દરજ્જે એનાથી બચાવ થાય છે; પણ એ કિંમતી જરૂરિયાતની વસ્તુનો શી રીતે ઉપયોગ કરવો તે અવશ્ય જાણવું જોઇએ.

પ્રથમ–તમારાથી બની શકે એટલું મેળવો.

વધારે મોઘું સોનું ખરીદ કર્યાં સિવાય આપણે બધું મેળવવું જોઈએ. તેને વાસ્તે વધારે આપતા નથી તોપણ તે કિંમતી છે. આપણી તંદુરસ્તીને હરકત ન પહોંચે એમ વધારે ફાયદો મેળવવાને ખંતથી મંડયાને મંડયા રહેવું જોઇએ. આપણે કોઇપણ પાપ ભરેલા ધંધામાં રોકાવું નહિ અને આપણને નુકસાન થાય એવી રીતે આપણા દેશના કાયદા તથા પરમેશ્વરના નિયમની વિરૂદ્ધ જાય એવો ધંધો કરવો નહિ. ધંધા રોજગારમાં જુઠાણું અને ઠગાઇ જોવામાં આવે છે તેનો તો પવિત્રતાથી સાગજ કરવો જોઇએ. આપણે આપણા પાડોસીને દુઃખ દીધા વગર આપણા ફાયદાને મેળવી શકીએ છીએ. આપણે જુગટું રમીને તેના પૈસા મેળવતા નથી. આપણે આપણો ધંધો વધારવાને બીજાના ધંધાને નાબુદ કરવાને યત્ન કરી શકતા નથી. આપણે રાજ્યવ્યવહારના પ્રધાનપણાને પોતાની મેળે અથવા બીજાની મારફતે તેના વ્યભિચાર અથવા સ્વભાવ વિરૂદ્ધ જે મળે તે જોઇતું નથી.

આ ઉપયોગ કરવામાં સાવધ રહી તમારાથી મેળવી શકાય એટલું મેળવો, પ્રમાણિકપણે ઉદ્યોગ કરી મેળવો. તમારી મનશક્તિને બને તે રીતે મેળવવામાં કામે લગાડો વખત ગુમાવશો નહિ. દરેક કામકાજમાં તમને દરેક દિવસે ને દરેક કલાકે તથા દરેક પળે કાંઇપણ માગણી થશે. આ બેવકુફી ભરેલી વગર નફાની ગમ્મત વાસ્તે લગાર પણ

નવરાશની રજા તમને આપવામાં આવશે નહિ. જેવી રીતે તમારા હાથ કામ કરવાને યોગ્ય કાળ માલમ પડે તેવી રીતે તે કામ જોર અને ઝડપથી કરો. જેમ બને તેમ જલદીથી કરો પણ કામ કરવાને વાર લગાડશો નહિ. ફલાણે દિવસે કરાશે; ફલાણે કલાકે કરાશે, એમ કામને ભવિષ્યની આશા ઉપર રાખવું જ નહિ. જે તમે આજ કરી શકતા હો તે કાલ ઉપર રાખતાજ નહિ. તમે કામ કરતાં ઉંઘણશી તરીકે બગાસાં ખાતા નહિ. તમારૂં બધું જોર કામમાંજ લગાડો. આધિ, વ્યાધિ અને ઉપાધિને જાળવી રખાતી નથી એમ નિસાસા મૂકીને બોલતા નહિ. સંભાળ વગર તથા થોડી કાળજીથી કંઇ પણ કામ કરતા નહિ પણ કાળજી ને સંભાળથી કરો.

પરમેશ્વરે તમને જે સમજશક્તિ આપી છે તેનો નફો મેળવવાને વાસ્તે ઉપયોગ કરો અને તમારી સાધારણ અક્કલથી તમારાથી બની શકે એટલો નફો મેળવો. આ બાબતનો ઘણા થોડા માણસો અનુભવ કરે છે, એજ આશ્ચર્ય છે. પોતાના બાપદાદાની ચાલતી આવેલી રીત પ્રમાણે માણસો સુસ્ત રીતિએ ચાલ્યા જાય છે. તમારે બીજાના અનુભવ ઉપરથી ધડો લેવો જોઇએ પણ તમારા પોતાના અનુભવ ઉપરથી વાંચો અને તમારે કરવાની દરેક બાબતમાં તેનો ફેલાવો કરો. તમે કાલે કરવાના હો તે કામ આજજ કરો તે ઉત્તમ છે; તેથી તમે જોશો કે તમે જે જાણતા હતા તેનો ઉપયોગ કેવો સારો યા માઠો થયો છે.

બીજું—તમારાથી બની શકે તેટલું બચાવો.

તમે તમારી અમૂલ્ય મનશક્તિનો કોઈ પણ ભાગ ફક્ત તમારી ચરબીને સંતોષ આપવાને તથા મનને ગમે તે

જાતનો આનંદ આપવાને નકામો જવા દેતા નહિ. માદક-પદાર્થો પીવાની ટેવ અથવા કંઇ પણ વ્યસન તમારે રાખવું નહિ. મોજમજા ખરચ કર્યા વિના ભોગવાતી નથી માટે તેથી સાવધ રહેજો, નાજુકાઇ અને તકલેદીપણાનો ધિક્કાર કરજો તથા સાદા સ્વભાવ અને સાદી રીતમાં સંતોષ માનજો. તમારી આંખને સારાં લાગે એવાં ચળકતાં ઘરેણાં કે જેની જરૂર નથી, એવું નકામું ખરચ કરી તમારા પૈસાને નકામા જવા દેતા નહિ; કેમકે આપણે પહેલું બતાવી ગયા છીએ કે આપણા દેશમાં મોટામાં મોટી રકમ એમાંજ ખરચાય છે.

માણસોનાં ખાલી વખાણ ઉપર સાનંદાશ્ચર્ય પામી જિંદગીની ખાલી મોટાઇના સંતોષને વાસ્તે કંઇ પણ મૂકશો નહિ.

તમે લોકોનાં મિથ્યા વખાણ જે ઘણાં મોંઘાં છે તેને તો ખરીદશોજ નહિ. પરમેશ્વર તરફથી જે યોગ્યતા અને માન મળે તેમાંજ સંતોષ માનજો. આ વિષે આપણા દેશમાં લગ્ન તથા મૃત્યુના ખરચમાં જે મોટામાં મોટી રકમ જાય છે તે અગાડી બતાવી ગયા છીએ તે આ જગાએ પુનરાવર્તન કરી સૂત્રરૂપે બતાવી છે.

ત્રીજું--તમારાથી બની શકે તેટલું આપો.

કોઈ પણ નફો મળે અથવા ભારે રકમ બચે એવી વાતો સાંભળો તો તેથી આશ્ચર્ય પામશો નહિ, કેમકે એમાં કંઇજ માલ નથી. જે માણસ અગાડી વધતો નથી તે કંઇ પણ કરી શકતો નથી. જે માણસ કંઈપણ ખરો વ્યય કરે નહિ તે સર્વ અહીંજ મૂકી જાય તો તેણે કંઇજ કર્યું નથી તેમજ કમાણી કરી ઉડાવી દીધી એમજ જાણવું.

આપણો માલીક જે પરમ પ્રભુ પરમેશ્વર તેણે આ દુનિયાંમાં જન્મ આપી આપણને માલીક તરીકે અહીં મોકલ્યા નથી પણ કારભાર કરનાર તરીકે મોકલ્યા છે. માટે સારામાં સારી રીતે અને તે માલીક ખુશી થાય એવી રીતે વર્તવું જોઇએ. અહીં જે બધી માલમતા છે તે તેનીજ છે. આપણી લગારે નથી. જેનો આપણે ઉપયોગ કરીએ છીએ તે પણ તેનીજ છે. તેણે આપણને ઘણું સ્પષ્ટ અને અસર કરે એવી રીતે શાસ્ત્રીય વચનોમાં કહેલું છે કે, આપણે પવિત્ર અને શુદ્ધ થવું એ સર્વનો આધાર આપણી કરણી ઉપર રહેલો છે. કહ્યું છે કે "જેવી કરણી તેવી પાર ઉતરણી."

જો તમે નીમકહલાલ અને ડહાયા કાર્યભારી થવાને ઈચ્છતા હો તો તમારે પોતાને માટે જે વસ્તુની જરૂર છે તે પુરી પાડવાના યત્ન કરો. પહેલું તમારે ખોરાકને વાસ્તે અનાજ, પહેરવાને વાસ્તે લુગડાં જે લુગડાં ઋતુ પ્રમાણે અને આપણા અંગનું રક્ષણ થાય એવાં પસંદ કરવાં જોઈએ. તંદુરસ્તી સારી રહેવાને યોગ્ય કસરત જોઈએ અને તેથી ઉદ્યોગ થાય અને આપણો કાર્યવ્યવહાર ચાલે. બીજું તમારી સ્ત્રી, તમારાં છોકરાં, તમારા નોકર ચાકરો, અથવા બીજાં જે તમારા ઘરમાં હોય તેમનું રક્ષણ કરો. આ બધું કર્યા પછી તમારી પાસે જે વધે તે તમારા ઘરની આસપાસ રહેતાં હોય ને તમારા ઉપર વિશ્વાસ રાખતાં હોય તેમના ઉપયોગમાં આણો, અને એમ કરતાં જે બચે તે તમારા મનુષ્ય પ્રાણીના રૂડાને વાસ્તે ઉપયોગમાં લાવો. એટલું થયા પછી વધારે બચે તે તમારી મરજી પ્રમાણે ગમે તે સારા માર્ગમાં ખરચો. તમને ઈશ્વર જેવી બુદ્ધિ

આપે તે પ્રમાણે તમારા કુટુંબનું તથા સર્વ મનુષ્ય પ્રાણીનું કલ્યાણ થાય એવો તન, મન અને ધનથી ઉદ્યોગ કરો.

ખોટી અને ખરી ઉદારતા.

આ ભારત દેશમાં સાર અસારનો વિચાર કર્યા વિના ઉદારતાનો ઉપયોગ કરવામાં આવે છે, એ પણ દેશની કંગાલિયતનું એક કારણ છે. ઉદારતા ઘણા પ્રકારે કરવાની છે, પણ આળસુ તથા દુર્વ્યસનીને મદદ કરવામાં નાણું ઉડાવીએ તે પાપનો માર્ગ છે. જે નાણાની મદદ કરીએ તેની અસર કેવી થાય છે તેનો લગાર પણ મન સાથે વિચાર ન કરવો એ બેવકુફી છે. કેટલાંક મનુષ્ય પોતાની ઉદારતા ફક્ત નામને માટેજ રાખે છે તથા ઘણી ભીખ આપે છે. આપણા પિતા જે સ્વર્ગમાં છે તેને ખુશી કરવાને ઉદાર થવું યોગ્ય છે. જે માણસો નામ વાસ્તે ઉદારતા બતાવે છે તે બીલકુલ વખાણવા લાયક નથી. આપણે અહીં કેટલાક નાણું વ્યાજે આપનારા તથા વ્યાપારી તેમના ધંધામાં દગો કરીને તથા ગરીબ માણસોને નુકસાન કરેલું હોય તેનું જે પાપ થાય તે નિવારણ કરવાને ભીખ આપે તે, તથા અધમ રીતે મેળવેલું હોય તેમાંથી દશાંશ પોતાના ધર્મના કામમાં આપે છે અથવા યાત્રાએ જાય છે કે જેથી તેમનાં કરેલાં પાપ ધોવાય; તથાપિ એમનાં કરેલાં પાપ કોઇ દિવસ એવાં કાર્ય કર્યાથી ઓછાં થતાં નથી અને જવાનાં નથી એ ખસુસ માનજો.

કેટલાક એમ ધારે છે કે, ભિખારીને આપવાથી આપણને સ્વર્ગ મળશે. જે લાજબી ને જે ખાસ હોય તેનેજ

દાન આપ્યું હોય તો તે ફાયદાકારક છે, પણ ઘાતકીપણું વધારવાને દાન કરવું એ મોટામાં મોટું પાપ છે.

સન ૧૮૮૧ ની સાલના વસ્તીપત્રક પ્રમાણે હિંદુસ્તાનમાં ૧૨,૫૬,૫૪૯ ભિખારી હતા અને તેમનો ભીખ માગવા સિવાય બીજો કંઇ ધંધોજ ન હતો પ્રોફેસર રઘુનાથ મુડલેર કહે છે કેઃ—મદ્રાસમાં હું દરરોજ ઘણા ભિખારીઓને બારણે બારણે ભીખ માગતા જોઉંછું. તેઓ એ ધંધો લઇનેજ બેઠાછે ને તે તેમના બાપદાદાથી વારસામાં મળેલો છે એમ જણાવી હોંસે હોંસે ભીખ લેછે, અને કેટલાક તો તાલેવંત છતાં પણ બાપદાદાનો ધંધો છે એમ કહી ભીખ માગવામાં મોટાઈ માનનારા છે, તથા તે ગરીબને ઘેરથી પણ ઉઘરાવે છે. આ બધું જે ગરીબ મહા મુશ્કેલીથી પોતાની જાતિ કમાણી કરી પરાણે પુરૂં કરેછે તેમના ઉપર બોજારૂપ થઈ પડેછે એ શું જુલમ નથી ? દરેક હિંદુ પોતે સારી રીતે જાણે છે કે, આવા આળસુ માગનાર હજાર રસ્તેથી ભીખ માગે છે. આ ગુજરાતમાં વડાદરા બ્રાહ્મણ ને મોઢજ્ઞાતિ એ બાબતમાં બહુજ પ્રખ્યાત છે. તેઓમાંના ઘણા ખરા ભીખના ધંધામાં દરમાસે ચાળીસ રૂપિયા કરતાં ઓછો પગાર પાડતા નથી અને ભીખ માગીને પૈસાદાર થયેલા હોયછે. તથાપિ તેઓ પોતાના ગામમાં પણ ભીખ માગવાને શરમાતા નથી એ અતિ શોચનીય છે. આ ભીખ માગનારા સિવાય નાતના ને તીર્થના ગોર લોકો પોતાના યજમાન પાસે તથા બીજી રીતે ધર્મને બહાને હજારો ઢોંગ કરીને દ્રવ્ય મેળવે છે. એવી રીતે આળસથી પોતે ખરાબ થાય છે ને બીજાને પણ કરેછે.

જો આવા ભિખારીઓ જેમના હાથ પગ ઇત્યાદિ અવયવો સહી સલામત હોય છે તથા જાતે લઠ્ઠ જેવા હોયછે તેઓને

પોતાના ગુજરાનને વાસ્તે કામ કરવાની જરૂર પાડવામાં આવે તો આપણા દેશની દોલતમાં ઘણે દરજ્જે વધારો થાય.

ઘણા રખડતા આળસુ માણસો જમતી નાતો ઉપર જીવે છે અને તેના ઉપરજ આધાર રાખે છે, કેમકે આ દેશમાં જ્ઞાતિ-ભોજન તથા જમણવારનો ભારે પ્રચાર છે, તેથી તેમને તેનો મોટો આશરો મળે છે. તેઓ ઠેકાણે ઠેકાણે આવા અવસર ઉપર જાય છે. તેમાં જનારા આબરૂદાર ગણુતા નથી. એ ભોજનમાં તમામ નકામું ખરચ કરી નાંખવામાં આવે છે.

તેઓ કેટલાં બધાં માણસને કામ કર્યા સિવાય પૈસા મેળવવાનું શીખવે છે? એથી તે જલદીથી ભિખારીનો ધંધો હાથમાં લેછે. આથી સારા લોકોને પણ ખરાબ અસર થાય છે. લાલચો મેળવવાનો ઉદ્યોગ એ સહીસલામત ભોમિયો છે. જ્યારે માણસ ઉદ્યોગમાં મંડેલો હોય છે ત્યારે તેને પાપ ભરેલી ગમ્મત વિચારવાનો તખતજ મળતો નથી. આળસજ દુર્ગુણને વારંવાર રસ્તો આપે છે. હિંદુ-સ્તાનમાં કેટલાક બાવાના નામથી ભીખ માગે છે તેમાં વેષધારી વાઘરી પણ ઘણા હોય છે. તેઓ લોકોને ઠગ-વાને એક જગાએથી બીજી જગાએ જાય છે તથા જુદી જુદી જાતની ભાષા બોલે છે, તેથી ભોળાં માણસો તેમ-નાથી એકદમ ઠગાય છે.

હાલમાં મુક્તિફોજના કેટલાક સંન્યાસી જેવાં કપડાં પહેરી ફરેછે, તેમનાથી પણ ગામડાના ઘણાખરા ભોળા લોકો ઠગાય છે. એવી રીતે વેષ ધારણ કરીને બીજાના મનમાં જુદી અસર કરવી એને અધર્મ અથવા ઠગાઇ કહીએ તોપણ ચાલે.

એ ખરેખરૂં છે કે જો ચોરને ભીખ આપીએ છીએ તો

તેનો બધો વખત લોકોનું ચોરવામાં ને ભીખ માગવામાંજ જાયછે; તેથી ભીખ આપનારે એ કૃત્ય સારૂં કર્યું એવું સમજણા લોકો કહેશે નહિ. એતો આળસુ અને વ્યસનીને મદદ આપ્યા જેવુંજ થાય છે. આપણી કુટુંબમાં રહેવાની રીતિ સારી છે તોપણ કેટલીક રીતે આળસુનું પોષણ કરે એવી છે. આપણા દેશમાં પરણેલા ભાગ્યેજ પોતાનાં તથા પોતાની સ્ત્રીનાં સગાંવહાલાં આવે તેને પોષણ ન કરતાં હોય એવું જોવામાં આવેછે. પોતાના ઘરમાં એક ટંકનું પણ ખાવાનું ન હોય તોપણ ઘેર આવેલા પરોણાની આગતાસ્વાગતા કરવીજ પડે છે, અને તેમાંના કેટલાક આળસુ ઘણા દિવસ સુધી પડી રહે તોપણ તેમને કહેવાતું નથી કે જાઓ, આ પણ એક ખરાબ રૂઢિ છે.

માણસે જ્યાં સુધી બને ત્યાં સુધી મહેનત કરી ગુજરાન ચલાવવું જોઇએ. બીજા ઉપર આધાર રાખી તે ઉપર રહેવું યોગ્ય નથી. જે માણસને કામ નથી તેને ખાવાનું કે જીવવાનું નથી. જે માણસ આળસ કરે તેને ગરીબી દશા અને ભૂખ સહન કરવાં એજ ઉત્તમ છે. આપણે માણસને ઉદ્યોગ કરાવી ખાવાનું આપવું એજ જરૂરનું છે અને એથીજ એના ઉપર મોટી મહેરબાની થશે. તેમજ જે મંડળીમાં આપણે રહીએ છીએ તેમની ઉપર પણ તેવીજ મહેરબાની થશે.

આપણી ચાલચલગત નીચે લખેલા ધારા પ્રમાણે રાખવી જોઇએ.

૧. જેઓ ગરીબ છે પણ પોતાની મેળે ગુજરાન ચલાવી શકે એવા હોય તેમને કંઇજ આપવું નહિ, પણ તેઓને

મહેનત કરાવવાનો યોગ કરી આપવો. જો તેઓ કામ કરવાને આળસ કરે તો તેમણે તેનું ફળ ભોગવવુંજ જોઇએ.

૨. જેઓ પોતાની મેળે મહેનત મજુરી શોધી શકતા નથી અને અર્ધા અશકત છે તેમને જેટલી મદદ જોઈએ તેટલી આપવી, તથા તેમનાથી થોડું પણ કામ થતું હોય તો તેટલું કરાવીને મદદ આપવી પણ તેમને કંઇ પણ કામ કરાવ્યા સિવાય આપવું એ યોગ્ય નથી.

૩. જેઓ કંઇપણ કામ કરવાને અશકત હોય તેમને બધું આપવું ને ખરેખરી મદદ કરવી જેવાં કે નાનાં છોકરાં, માંદાં, શરીરે અપંગ અને ઉમ્મરે પહોંચેલાં વગેરે. આપણા પૈસા દવાખાનામાં, નિશાળોમાં, નિરાશ્રિતાલયમાં, ધર્માલયોમાં, પુસ્તકશાળામાં, તથા ધર્મશિક્ષણ જેવા કામમાં ખરચવા; પણ મોટાં મોટાં બાવલાં કરવામાં, મોટા મોટા ફુવારા બંધાવવામાં, મિનારા કરાવવામાં તથા માનપત્રોની ધામધુમ વગેરે કરવામાં ઉડાવવા એ અતિ નામોશી ભરેલું છે. દેશના કલ્યાણની પાછળ, મંડળીઓના ખરચમાં, દેશને ઉત્તેજન આપવામાં, તથા દેશનું સંરક્ષણ કરનારી સોસાઇટીઓમાં અર્થાત્ જ્યાં ખરો ઉપયોગ થતો હોય ત્યાંજ પૈસા ખરચવા, કેમકે તે પૈસાનો વ્યય વાવ્યા બરાબર છે.

મોટું દેવું.

જો કે દેવામાં પડવું એ સાધારણ છે. કેટલાએક લોકો એવું કહેછે કે મારે કોઇની પાઇ સરખીએ દેવી નથી અને એ ખરૂં છે; તોપણ માણસ જાત મોટામાં મોટા દેવાના

પાંજરામાં સપડાયેલી છે. તે દેવું દિવસે દિવસે વધતુંજ જાય છે અને તે કદી પુરૂં થતું નથી તે શું છે ?

દેવાનો પ્રકારઃ—બુદ્ધિવાન મનુષ્યો માને છે કે આપણે માથે સર્વથી ડહાયો સર્વ શક્તિમાન અને તમામ વસ્તુનો નિયામક અને નિયંતા છે. જે ઉપર આપણે વસીએ છીએ તે પૃથ્વી, જે આ પૃથ્વી ઉપર પ્રકાશ કરે છે તે સૂર્ય, જેની તળેટી ઉપર વૃક્ષને વેલી વિંટાયેલી છે, તે સર્વ તેણે બનાવ્યું છે. તમામ મુલક જેમાં લોકો નિવાસ કરી રહેલાં છે તે બ્રહ્માંડ પણ તેણેજ એટલે પરમેશ્વરે બનાવ્યું છે. તેણે ફક્ત આપણને જિંદગી આપી નથી પણ જિંદગીમાં આપણને તેજ રાખે છે, જો એક પળ પણ તે આપણી સંભાળ લેવાનું મોકુફ રાખે તો આપણે મરી જઇએ. અલબત એ આપણો ખરો બાપ અને ખરો મહારાજાધિરાજ છે.

આપણી પરમેશ્વર પ્રત્યેની ફરજોનાં સૂત્રરૂપ વચનોના સારનો સાર નીચે પ્રમાણે છેઃ—

આપણે ખરા અંતઃકરણથી તેના ઉપર પ્યાર રાખવો જોઇએ અને તેની આજ્ઞાને તાબે થવું જોઇએ. જે આજ્ઞાઓ પવિત્ર, ન્યાયી અને સારામાં સારી છે. આપણું કર્તવ્ય શું યથાયોગ્ય છે ?

એક માણસ કોઈ વેપારી પાસેથી માલ લે ને તેના પૈસા તેને આપે નહિ તો તેને તેનું દેવું છે એમ કહેવાય છે. તેમજ આપણે માથે જે ફરજો છે અને જે પરમેશ્વર આપણા ઉપર આટલી બધી માયા રાખે છે તેને માન આપવાને આપણે ચૂકીએ અને તેના દેવાની સાથે મુકાબલો કરીએ તો આપણે દેવામાં વધારો કર્યો એ ખરૂં છે.

કે નહિ? આપણે પરમેશ્વરના હુકમને ન માનીએ તો આપણે તેને શો જવાબ દેઇશું? કેમકે દરેક ધાર્મિક વચનોમાં સ્પષ્ટ કહેલું છે કે, તે માલીકને જવાબ દીધા વિના આપણો છુટકો થતો નથી ને થવાનો પણ નથી.

કેટલાક માણસને ઇશ્વરનું દેવું વધારે છે ને કેટલાકને તેના પ્રમાણમાં થોડું છે. કેટલાક ધાતકી એવા છે કે તે અસંખ્ય ગુનાના ગુનેગાર છે. કેટલાએક મોટામાં મોટી ચૂકો કરી ગુનેગાર થાય છે તોપણ દુનિયાંમાં એવા માણુસો હોય છે કે તે નીતિને રસ્તે ચાલી દુનિયાંમાં માન પ્રતિષ્ઠા મેળવે છે પણ પ્રભુનું મહત્વ માનતા નથી, અને કેટલાક ધાર્મિક પ્રકૃતિના ને સદાચરણી હોય છે તે સર્વને પરમેશ્વરનું દેવું છે. પરમેશ્વર આપણું અંતઃકરણ જુએ છે તેથી આપણી જેવી બહારની ક્રિયા તે જાણે છે, તેવીજ અંતઃકરણની ક્રિયા પણ તે જાણે છે. આપણે ખરેખરા તેના દેવાદાર છીએ માટે તમે કહો કે તમે એક પણ ઘટિકા ઇશ્વરને સાનિધ્ય જાણીને ખરેખરી પ્રાર્થના કરી ધાર્મિક બુદ્ધિએ વર્ત્યા છો? તમારી આખી જિંદગીમાં અપવિત્ર વિચાર, પાપ ભરેલા સંકલ્પ, પાપી કામનો વિચાર જે તમે લાવ્યા છો અને તમારી માનસિક વૃત્તિમાં કેટલા પાપી થયા છો તેનો વિચાર કરો. જો તમે ધાર્મિકપણે ચાલો અને આખા દિવસમાં એક પાપ કરતા હો અને તમારી ઉમ્મર ૫૦ વર્ષની થઇ હોય તો ૩૬૫×૫૦=૧૮૨૫૦ પાપ થાય તેના તમે ગુનેગાર બન્યા છો, માટે આપણા પવિત્ર મહર્ષિઓ કહી ગયા છે કે માથાના વાળ જેટલા આપણા અપરાધ છે એ ખરેખરૂં છે.

આપણું દેવું આપવાને આપણી કેટલી અશક્તિ છે?

ધારો કે કોઈ માણસને કરોડ રૂપિયા દેવું હોય તે પોતાનું દેવું વાળવાને થોડા પૈસા આપે તો તે દેવું કદી પણ વળી શકે નહિ, પરંતુ તેના વ્યાજનું વ્યાજ પણ ન વળી શકે. પવિત્ર જગામાં જઈને સ્નાન કરીએ પણ મલિન અંતકરણને લીધે આપણું પાપ ધોઈ શકતા નથી, દેવની પાસે ગમે એટલી ભેટ કરીએ, ગમે તેટલાં બ્રહ્મભોજન કરીએ પણ આપણું મન શુદ્ધ થતું નથી તો પાપ તો જાયજ કયાંથી? દેવળમાં બેસીને ભક્તિ કરીએ અને સમાજમાં ઉપદેશ આપીએ પણ જો આપણું મન શુદ્ધ નથી હોતું તો પાપ કદી પણ જતું નથી. જ્યાં સુધી દેવાની પાઇએ પાઈ આપીએ નહિ ત્યાં સુધી દેવાદારજ રહીએ. તેમજ આપણે હવેથી ઇશ્વરના નિયમાનુસાર ચાલીએ તેથી પૂર્વનું દેવું ઓછું થતું નથી પણ આપણે દેવાના ભારમાંને ભારમાં ડૂબેલાજ રહીએ છીએ.

દયા વાસ્તે શિક્ષા જોઈએ.—ઘણાંખરાં માણસો પોતાના મોટા દેવા વિષે થોડુંજ જાણે છે. પાપ એ પરમેશ્વરની વિરૂદ્ધ બંડ કરાવે છે અને મહાપિતાની મહેરબાનીથી વિરૂદ્ધ ચલાવે છે. આપણા ઉપર મહા દયા રાખનાર જે ઇશ્વર તેના ઉપરની શ્રદ્ધા ઓછી કરેછે. એ પાપનો મુસારો પુરો થયા પહેલાં મૃત્યુ આવે છે. આવાં પાપ જ્યાં સુધી માણસમાં રહે ત્યાંસુધી તેને ભોગવવાં પડે છે.

શી રીતે આ દેવું ઓછું થાય ?—સારો સાહુકાર આપણી રહેણીકરણી જાણી આપણી ઉપર જે દેવું હોય તે મહેરબાનીથી ઓછું કરે છે ને તેમાંથી મુક્ત પણ કરેછે.

બાપ પોતાના છોકરાને ધંધો કરવા સારૂ પૈસા આપે તે દયા જાણીને માફ કરેછે, તેમ આપણો પવિત્ર પિતા આપણાં પાછલાં કર્મનો પસ્તાવો અને આપણી રહેણીકરણી સારી ને પવિત્ર તથા ધાર્મિક બુદ્ધિવાળી જાણીને તથા પાવન કરવાનો ખરો સંકલ્પ જાણવાથી આપણું દેવું માફ કરશે. જો કોઇ માણસ સરકારની સામું અજ્ઞાનતાથી બંડ કરે તોપણ સરકાર તેના ખરા ગુણને લીધે માફી આપે છે, કેદીને જન્મદેશનિકાલની સજા થઇ હોય તોપણ તેની સારી ચાલથી તેને માફી મળેછે. તેમજ પ્રભુ પણ આપણી સદ્વૃત્તિ થાય તો એ દેવાની માફી આપશે, માટે ભગવાનની મહેરબાની માગો ને રૂડે માર્ગે ચાલો, કે જેથી તમે મોટા દેવામાંથી મુક્ત થાઓ. તથાસ્તુ !

સમાપ્ત